પુસ્તકાલયોની આવશ્યકતા. (૨)

Regd No. 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક તેરમો
સોમવાર તા. ૧-૨-૩૭.

## જૈન યુવક જનતાને નમ્ર નિવેદન.

સુજ્ઞ જૈન યુવક બંધુઓ તથા બહેનો.

આપ સર્વ જાણો છો કે નવી પ્રાન્તિક ધારાસભાની ચુંટણી થોડા વખતમાં થવાની છે તેમાં આપણી રાષ્ટ્રીય મહાસભા તરફથી ભિન્ન ભિન્ન મતદાર વિભાગોમાંથી ચોકકસ ઉમેદવારો બહાર પાડવામાં આવ્યા છે. આ ઉમેદવારોની હરિફાઈમાં બીજા પણ કેટલાક ઉમેદવારો બહાર પડયા છે અને તેઓ આપણી સમાજમાં ઠીક ઠીક લાગવગ ધરાવતા હોય છે. આપણા દેશમાં રાષ્ટ્રીય મહાસભા એક જ એવી સંસ્થા છે કે જેનું અંતિમ ધ્યેય પ્રજાને સાચું સ્વરાજ્ય પ્રાપ્ત કરાવવાનું છે અને સર્વ વર્ગોની સાચી પ્રતિનિધિ છે. કહેવાતું નવું રાજ્ય બંધારણ આપણને સ્વરાજ્યને માર્ગે આગળ લઈ જવાને બદલે પાછળ ધકેલે છે અને આપણી પરાધીનતાની બેડીઓને વધારે મજબુત બનાવે છે એ વિષે હવે બેમત રહ્યા નથી. આ બંધારણનો જેમ બને તેમ જલ્દીથી અંત લાવવો અને સમસ્ત દેશનું સાચું પ્રજા પ્રતિનિધિ મંડળ ઉભું કરીને તે મારફત દેશની પરિસ્થિતિને અનુકુળ રાજ્યબંધારણ ઉપસ્થિત કરવું એવા આશયથી આ વખતે રાષ્ટ્રીય મહાસભાએ પોતાના ઉમેદવારોને આવતી ચુંટણીમાં બહાર પાડયા છે. આ ઉમેદવારોને સખ્ત હરિફાઈ સામે કામ કરવાનું છે. આપણી પરિષદના ઠરાવ અને ધ્યેય અનુસાર આ ઉમેદવારોને ચુંટણીના કાર્યમાં બને તેટલી મદદ કરવી દરેક જૈન યુવક બંધુ તથા બહેનની ખાસ ફરજ બને છે. એવો કોઈ પણ જૈન યુવક હોઈ ન શકે કે જેને દેશની આઝાદી પ્રિય ન હોય અને જે દેશની આઝાદી આગળ સર્વ કોઈ સ્વાર્થોને ગૌણ સમજતો ન હોય. આપણી રાષ્ટ્રીય મહાસભાએ બહાર પાડેલ દરેકે દરેક ઉમેદવાર ચુંટાય અને જે કાર્યક્રમ આજે રાષ્ટ્રીય મહાસભાએ પ્રજા સમક્ષ મૂકયો છે તે પાર પડે એવું પરિણામ લાવવામાં બને તેટલા મદદરૂપ બનવા સમસ્ત જૈન યુવક જનતાને મારી આગ્રહ પૂર્વક વિનંતિ છે. આ મદદ નીચેની રીતે થઈ શકે છે.

(૧) પોતાને મળતા મતો તેમજ પોતાની લાગવગવાળા મતદારોના મતો માત્ર રાષ્ટ્રીય મહાસભાના ઉમેદવારોને જ મળવા જોઈએ.

(૨) રાષ્ટ્રીય મહાસભાના ઉમેદવારોને લગતી પ્રચાર સભાઓ યોજવી જોઈએ અને આવી પ્રચાર સભાઓ જ્યાં યોજાતી હોય ત્યાં બને તેટલો સહકાર આપવો જોઈએ.

(૩) ચુંટણીનું કાર્ય આર્થિક મદદની સારા પ્રમાણમાં અપેક્ષા રાખે છે. રાષ્ટ્રીય મહાસભાનો ઉમેદવાર અપેક્ષિત દ્રવ્યના અભાવે ઉડી ન જાય એ ખાતર જોઈતું દ્રવ્ય મેળવી આપવાની દિશાએ બને તેટલો પ્રયત્ન કરવો જોઈએ.

મને આશા છે કે મારી પ્રત્યે જૈન યુવક જનતાએ જે અસાધારણ સદ્ભાવ અને આદરભાવ દર્શાવ્યો છે તેને આગામી ચુંટણીના જંગમાં રાષ્ટ્રીય મહાસભાના ઉમેદવારોને બને તેટલા મદદરૂપ બનીને તેઓ સાચું વ્યવહારૂ સ્વરૂપ આપશે અને દેશની આઝાદીના જંગમાં જૈનસમાજ પુરોગામી છે એમ જરૂર પુરવાર કરી આપશે.

લી૦ પરમાનંદ કુંવરજી
પ્રમુખ—શ્રી જૈન યુવક પરિષદ.

# તરુણ જૈન.

તા. ૧-૨-૩૭


## પુસ્તકાલયોની આવશ્યકતા.

(૨)

કોઇ કોઈ જગ્યાએ વાંચનાલયો હોય છે પરંતુ એના કાર્યવાહકો ઘણીવેળા આદર્શહિન હોય છે એટલે પ્રજા પાસે તન્દુરસ્ત વાંચન પ્હોંચતું નથી. સંસ્કાર ઘડાય અને જીવન વિકાસ સુલભ બને એવા વાંચનને બદલે સંસ્કાર વેડફે અને જીવનમાં કશાય ઉપયોગનું ના બને એવું વાંચન પ્રસરતું જાય છે. આવા સંજોગોમાં આપણા યુવક મંડળો આ કાર્ય સેવા ભાવે ઉપાડી લે તો જનતાને નિરોગી વાંચન પુરૂં પાડીને સેવા સાધી શકાય.

ગઇ યુવક પરિષદે એ વેળાની વિષય વિચારીણી સમિતિ માંના એક લડાયક સુરની ઉપરવટ થઇ એક રચનાત્મક ઠરાવ પસાર કર્યો હતો. જુવાનોની લડાયક વૃત્તિને સુમેળ ન્હોતો એમ એ ઠરાવ પરત્વે એક મત હતો અને આજે સાવ નિષ્ક્રીય પરિષદ એ ઠરાવની દિશામાં રહી છે એજ એની બીન જરૂરીઆત સિદ્ધ કરે છે. પરંતુ રચનાત્મક કાર્ય કંઇએ નજ કરી શકીએ એ આપણે માટે દુઃખની વાત છે. વાંચનાલયોના ઉત્પાદનમાં આપણે શક્તિ ખરચીએ તો એળે નહિ જાય.

વળી પરિષદને આપણે કાયમી સ્વરૂપ આપવાનું ધાર્યું છે. ત્યારે તો એની જોડે જોડાતા મંડળો વચ્ચે કાર્ય કોરતી ગુંથણી થાય અને પરસ્પર મંડળો સંગઠિત રહે એ માટે પણ કંઇક વ્યવહારૂ કાર્યક્રમ યોજવો રહ્યો છે. પરિષદ સાથે જોડાનાર મંડળોના ચાલકો લાભાલાભની ગણત્રી કરતા હોય છે. પરિષદ સાથે જોડાવાથી, એનું લવાજમ ભર્યા કરવાથી સ્થાનિક મંડળોને લાભ શો એ એક એમનો પ્રશ્ન છે. ભાવના માત્રથી નહિ પણ નક્કર હકિકતના રૂપે આ પ્રશ્નનો જવાબ આપવો જોઇએ.

ગતાંકમાં અમે જણાવ્યું હતું તેમ વાર્ષિક પચ્ચાસ રૂપીયાના ખર્ચે એક વાંચનાલય શરૂ કરી શકાય. આ માટે સ્થાનિક મંડળો પોતપોતાના પ્રદેશમાંથી વાર્ષિક મદદનાં વચન મેળવે અને પરિષદના ભંડોળમાંથી જ્યાં જ્યાં યુવક મંડળોના હસ્તક વાંચનાલયો ચાલતા હોય ત્યાં ત્યાં વાર્ષિક ચોક્કસ રકમની મદદ આપવામાં આવે. સેવા ભાવે જ્ઞાનની આવી પરબો મંડાતી હોય તો જ્ઞાનદાન દેવા ઇચ્છતા સજ્જનો જરૂર મળી આવશે. આમ પોત પોતાના ક્ષેત્રની વધતી જતી જ્ઞાન ભૂખ જૈન યુવક મંડળો દ્વારા સંતોષી શકાય.

પરિષદ પોતાના ચાલુ ફંડમાંથી આજે આ યોજના ન નભાવી શકે એમ હોય તો આ અંગે એક નવુંજ ફંડ ઉભું કરવામાં પરિષદને જરાય મુશ્કેલી નહિ પડે.

પરિષદનું જે મુખ્ય કાર્ય પ્રચારનું ને સમાજને ધાર્મિક સુધારણાનું છે તે પણ આવા વાંચનાલયોદ્વારા સ્હેજે સિદ્ધ થઇ શકે. વાંચનાલયોની મુલાકાતે આવતા સજ્જનોમાંથી એક એવો વર્ગ પણ મળી આવે કે જે પરિષદના કાર્યોમાં સક્રિય રસ લ્યે.

આર્યસમાજે પ્રસાર્યાં આવા વાંચનાલયો–ગુરૂકુળોદ્વારા અને જ્ઞાનની નિકોદ્વારાજ નવા મતો પ્રચારી શકાય છે. કે જુનવણી સડાઓનો વિધ્વંસ પોકારી શકાય. આ દ્રષ્ટિએ પરિષદે આ પ્રવૃત્તિ ઉપાડવી જોઇએ.

પરિષદ સાથે જોડાનારા મંડળોને પણ પરિષદ સાથે જોડાવામાં આથી લાભ થશે. પોતાને ગામે, સાર્વજનિક કે મંડળના લાભાર્થે એ મંડળ પરિષદની સહાયથી એક વાંચનાલય ઉભું કરી શકશે. અને વાંચનાલયની હરરોજની જરૂરીઆતને લીધે વારંવાર યુવાનો મળતા રહેશે. વિચારોની આપલે થયા કરશે. અને એ વાટાઘાટો, એ સજીવતા નવા પ્રશ્નોને નવા વિકાસની શોધમાં આથડતાં જશે ને જે મેળવશે ત્હેથી પોતાના ક્ષેત્રને નવપલ્લવિત કર્યા કરશે.

પરિષદના ચાલકો આવી યોજના પાડી લ્યે તો વિચાર પ્રચારનું એક સરસ ક્ષેત્ર આપણે મેળવ્યું મનાશે. અને એ દ્વારા લોકોની શક્તિ વિકસાવીને, સારાસાર એમને સમજતા કરીને આપણે પરલોકની ભ્રામક જાળ, સાધુઓની સ્વાર્થ લીલામાંથી એમને ઉગારી શકીશું.

## ત્હમે ઓળખો છો?

### રૂડોલ્ફ વેલેન્ટીનો

રૂડોલ્ફ વેલેન્ટીનો વીસમી સદીનો સૌથી મહાન એક્ટર અને અદભૂત પ્રેમી મનાતો, જન્મે ઇટાલીયન હતો અને અમેરિકાનો નાગરીક બન્યો હતો. ઇ. સ. ૧૮૯૫ ના મેની છઠ્ઠી તારીખે ઇટલીમાં એનો જન્મ થયો. એ અઢાર વર્ષની ઉમ્મરે અમેરિકા આવ્યો ત્રેવીશ વર્ષની વયે એ સિનેમા કંપનીમાં એક્ટર બન્યો. 'ચાર ઘોડેસ્વાર'માં એણે પ્હેલું કામ કર્યું અને દુનિયાના સરસ એક્ટર તરીકેની કીર્તિ એણે મેળવી. એ પછી એણે ઉપરા ઉપરી નામના મેળવી અને સિનેમા શોખીન સ્ત્રીઓનો એ લાડકો 'કામદેવ' મનાવા લાગ્યો. એના પ્રેમાભિનયથી આકર્ષાઇ હજારો સ્ત્રીઓ એને પ્રેમ-પત્રો લખતી. હરરોજ એને સરેરાશ ચાર હજાર પત્રો મળતા. 'સર્પ' 'ગુરૂડ' એના સરસ પીક્ચર ગણાય છે. ૩૧ વર્ષની ઉમ્મરે ૨૩ મી ઓગસ્ટ ૧૯૨૬ માં એ માંદગી ભોગવી મૃત્યુ પામ્યો ત્યારે હજારો સ્ત્રી–પુરૂષોએ એની સ્મશાનયાત્રામાં ભાગ લીધો હતો. સિનેમા જગતમાં એનું સ્થાન હજુ ખાલી જણાય છે, અને યુરપની સિનેમા શોખીન સ્ત્રીઓના ઘરમાં હજૂ આ વીસમી સદીના 'કામદેવ'ની તસ્વીરો દેખા દે છે.

# જૈન સંસ્કૃતિ.

લેખક:—
ચીમનલાલ ક, શાહ

( ગતાંકથી શરૂ )

આજે તો જરા વાંચતા, લખતાં અને બોલતાં આવડે, સાચાં ખોટાં દૃષ્ટાંતો કે દલીલો આપતાં આવડે, વાકૂપટુ હોય તે વકતા કે ઉપદેષ્ટા બની શકે છે. જરા વધારે હોંશિયારી હોય તો તે પૂજનીય પણ બને છે, આટલું બસ નથી. ઉપરછલ્લાં જ્ઞાનવાળા, ઉછાંછળી વૃત્તિઓવાળાં, જરૂરી ગુણોનો અભાવ છતાં, પુરેપુરી કસોટી અને ગુણ વિકાસ વિના અનેક પ્રકારના બિરુદોથી શણગારાવાનો આપણને મોહ લાગ્યો છે. કોઇ વકતા ન બની શકે તો લેખક બનવાનો તેને અભરખો રહે છે. અને તે પૂરો પણ કરે છે. આમાં ઘણી ખરી બાબતોમાં પ્રામાણિકતાને પણ સ્થાન હોતું નથી. લેખક તરીકે ગમે તે હોય છતાં કોઇ બીજાનું જ નામ લેખક તરીકે બિરાજતું આપણે અનેક પ્રસંગે જોઇએ છીએ. આ બધાં આપણાં લક્ષણો આપણે કયાં ઉતરી પડયા છીએ અને આપણા જીવનમાં સત્યનું સ્થાન કયાં રહ્યું છે તે શોધવા માટે પ્રયત્નશીલ બનવા વિચાર કરવા પ્રેરે તેવા છે.

આપણો ઇતિહાસ ઉપર મુજબ હોવા છતાં તેમાં કેટલાંક ઉજ્જવળ પ્રસંગો પણ છે અને તે વડે તે અધિક પ્રતિભાવંત છે. આજે પણ આપણે માત્ર આટલે સુધી સરકયા છીએ અને વધુ સરકયા નથી તે તેમનો પ્રભાવ છે. જુદા જુદા પ્રસંગે જુદા જુદા યુગ દ્રષ્ટા આપણને મળ્યા છે અને તેમણે આપણને સમયોચિત ફેરફાર કરી યોગ્ય રાહે મૂકયા છે, તેમણે પોતાની શકિત અને પુરૂષાર્થ આત્મિક ગુણની ઓળખ અને તેના વિકાસ અર્થે વાપર્યા છે. જૈન સંસ્કૃતિના હાર્દ સમા ગુણો—આત્મિક બળ પર અખૂટ શ્રદ્ધા, સમભાવ—આત્માનંદી સ્વભાવ, સ્વાશ્રય, વિશ્વબંધુત્વ આદિ તત્વો પ્રજા સન્મુખ મૂકવા તેમણે પ્રયાસો કર્યાં છે. આવા મહાન પુરૂષોનાં નામો, તેમનાં જીવન, તેમના ગુણો આદિ અને તેનો ઇતિહાસ જે પ્રકારે જળવાવો જોઇએ, જે પ્રકારે જનતા સમક્ષ રજુ થવો જોઇએ, જે આદર્શ તરીકે નિત્ય આપણી સન્મુખ તરવરવો જોઇએ, તેમ કંઇ બન્યું નથી. અને તેજ આપણું દુર્ભાગ્ય છે.

એક સમય એવો હતો કે જ્યારે અન્ય દર્શનીઓના હુમલા સામે ટકવા અડગ ઐકય જાળવતા. આજે આપણે આપસના પક્ષભેદ ટકાવવા તેજ અન્યદર્શનીઓનો સહકાર લેવામાં પણ પ્રસંગે અચકાતા નથી.

આપણા ભૂતકાળનો આ નિષ્કર્ષ, આ ઇતિહાસના રંગે આપણું સાહિત્ય, તત્વજ્ઞાન, શિલ્પ, આચારવિચાર આદિ રંગાયા છે એટલે તે દરેકનો જુદો ઇતિહાસ આપવાની આવશ્યકતા રહેતી નથી.

આત્મ વિકાસ માટે જે શ્રદ્ધા અને આત્મબળ જરૂરી છે તે કાલે હતાં અને આજે નથી તેમ પણ નથી, પરંતુ આજે આપણા વિકાસ માટેની સામગ્રી હોવા છતાં વિકાર માટેની વિપુલ સામગ્રી આપણી સન્મુખ હોવાથી આપણે પતા જઇએ છીએ. ટૂંકમાં કહું તો આપણે આપણા સમય અને શકિતનો સદુપયોગ કરી જે ગુણ વૃદ્ધિ કરતા તે આજે તેનો દુરૂપયોગ કરી ગુણમાં વિકાર વધારીએ છીએ. આમ જે વિકાસનાં સાધન હતાં તે જ આજે વિકારનાં સાધન બન્યાં છે, અને છતાં પણ આ બધા માટે આપણે આપણી પોતાની જાતને અભિનંદન આપીએ છીએ.

દરેક જણ સમાજનો વિકાસ ઇચ્છે છે તેની તો ના નથી, તે વિકાસ શું તેમાં જ મતભેદ છે. અને તે મતભેદ હોવાથી તેના સાધનો બાબત મતભેદ ચાલ્યા જ કરે છે. કેટલાક શ્રમણસંઘની વૃદ્ધિ, ગૃહસ્થસંઘની વૃધ્ધિ, ચૈત્યોની અને ગુરૂ મંદિરોની વૃધ્ધિ, મૂર્તિઓની વૃદ્ધિ. પ્રતિષ્ઠા અને ઉદ્યાપન તેમજ વરઘોડા અને અષ્ટાન્હિકા મહોત્સવ આદિમાં ખૂબ ઠાઠમાઠ અને આડંબર એમાં વિકાસ માને છે. કેટલાક આજની ગૃહસ્થસંઘની પરિસ્થિતિનો વિચાર કરીને ગૃહસ્થ સંઘ ટકી શકે તેનાં સાધનો યોજવામાં વિકાસ માને છે. સાચું ધ્યેય તો એ હોઇ શકે કે શ્રમણ સાચો શ્રમણ બને, ગૃહસ્થ સાચો ગૃહસ્થ બને, બને આત્માની અનંત શકિતમાં વધારે ને વધારે શ્રદ્ધા રાખતા બને, સ્વાશ્રયી બને, વિશ્વબંધુત્વની ભાવના અમલમાં મૂકતા બને, સમભાવી બને, અહિંસા આદિ પાંચ વ્રત પ્રામાણિકપણે આચરણમાં જીવી બતાવે, સાચી જૈન સંસ્કૃતિ છે તો આ; બાકી બધા ખોખાં માત્ર છે. ખોખાંની રક્ષના પાછળ રાચવાથી સાચું નાશ પામતાં ખોખાં જે નાશવંત છે અને નાશ પામવાનાં; પરંતુ સંસ્કૃતિનો આત્મા નાશ પામશે તો ટૂંકજ સમયમાં સંસ્કૃતિ પણ દટાઇ જવાની જ છે.

આ રીતે સંસ્કૃતિ અને વિકાસના ધ્યેય બાબત જે મતભેદ-દ્રષ્ટિભેદ છે તેનો નિકાલ લાવવાની આવશ્યકતા છે. આનો નિકાલ થયા વિના વિકાસના સાધનોની બાબતોમાં અનેક ગણા ભેદ વધતા રહેશે. સાચું ધ્યેય હાથ લાગી જાય તો સાચાં સાધનો પ્રાપ્ત થવાનાં જ છે. આજ કારણે જો આપણે સાચું ધ્યેય મેળવવા પ્રયત્ન કરી શકીએ તો બસ છે.

આ વસ્તુ ફરી વધુ સ્પષ્ટ શબ્દોમાં મૂકવામાં આવે તો કહી શકાય કે શ્રમણોની કે ગૃહસ્થોની સંખ્યા વધારવા કરતાં જે શ્રમણો અને ગૃહસ્થો છે તેમને વધુ પ્રામાણિક જીવન જીવી તેમની પવિત્રતા ટકાવવા અને વધારવામાં જૈનસંસ્કૃતિ છે. આ જૈન સંસ્કૃતિ હશે, ટકી હશે, વિકસી હશે તો આપોઆપ શ્રમણ અને ગૃહસ્થ સંઘ વૃધ્ધિને પામશે. આના વિકાસ સાથેજ તેનાં બાહ્ય સ્વરૂપ એવા આચાર—વિચાર, ઇતિહાસ, તત્વજ્ઞાન, સાહિત્ય અને શિલ્પ આદી ફાલ્યાફુલ્યાં બનશે.

આજનો યુગ શ્રદ્ધા પ્રધાનનો નથી જ્ઞાનપ્રધાનનો આ યુગ છે. આમ છતાં જ્ઞાનપ્રધાન વ્યકિતઓ આપણી આ સંસ્કૃતિથી કેમ ભાગે છે ? જ્ઞાનપ્રધાન વ્યકિતઓને આ સંસ્કૃતિ પ્રતિ કેમ જરા પણ પ્રેમ નથી ઉદ્ભવતો ? આ એક કોયડો છે. કોયડો ઉકેલવા ખૂબ વિચાર અને ઉહાપોહની આવશ્યકતા છે. યુગ પ્રધાન કોઇ હોય યા થાય તો તેના માટે આ કોયડો ઉકેલવાની જવાબદારી છે. જૈન સંસ્કૃતિ તેના વિશાળ અને ભાવ આદર્શમાં જીવી બતાવી જ્ઞાન પ્રધાનવર્ગમાં સાચી જૈન સંસ્કૃતિ પ્રતિ જીજ્ઞાસા ઉત્પન્ન કરી માન ઉત્પન્ન કરવું તે આજના

( અનુસંધાન જુઓ પૃષ્ઠ ૧૦૫ મું. )

# સ્ત્રી અને પુરૂષ વચ્ચેની સમાનતા.

સ્વરાજ્ય અને વાણી સ્વાતંત્ર્ય જેમ જન્મસિદ્ધ હક્ક છે, તેમ વ્યક્તિગત સ્વાતંત્ર્યનો પણ દરેક માનવીને હક્ક છે—અધિકાર છે એમ આપણે જાહેર બોલીએ છીએ અને કલમ લઇ કાગળ પર લખીએ પણ છીએ. છતાં પુરૂષ અને સ્ત્રી વ્યક્તિગત કેવા હક્કો ભોગવે છે તે આપણે વિચારશું તો દીવા જેવું દેખાઇ આવશે કે પુરૂષ અને સ્ત્રીના હક્કોમાં સ્ત્રીઓની વ્યક્તિગત સ્વતંત્રતા પુરૂષની ઇચ્છા ઉપર જ અવલંબે છે: જ્યારે પુરૂષ પૂરેપૂરી વ્યક્તિગત સ્વતંત્રતા ભોગવે છે સાથે ભૂતકાળમાં થએલા પુરૂષોના નામે જે શાસ્ત્રો લખ્યાનું કહેવાય છે તે શાસ્ત્રોને જાણ્યા સિવાય, વાંચ્યા સિવાય, આંધળી શ્રદ્ધાને આગળ કરી, વહેવારની ડાહી ડમરી વાતો કરી, સ્ત્રી જાત ઉપર માલિકી હક્કનો દાવો કરતા પણ નથી અચકાતા.

પુરૂષવર્ગના મોટા ભાગનો એવો સ્વભાવ બંધાઇ ગયો છે કે રાજદ્વારી, ધાર્મિક કે સામાજીક, જ્યાં જ્યાં એની સત્તાના માલિકીના હક્ક હોય ત્યાં ત્યાં એનું રક્ષણ કરવા શામ, દામ ને દામની અનેક તરકીબો ઉભી કરશે, શાસ્ત્રોના ખોટાં ખોટાં આપશે, લોકાચારની વાતો કરશે, વહેવારનો રદીયો આપશે. એ બધું સ્ત્રી ઉપરની માલિકશાહી કાયમ રાખવાના કાવત્રાં નથી તો બીજું છે શું ?

સ્ત્રી ઉપરની માલિકશાહી એ ભયંકર રોગ છે. એમાં દેશની ને સમાજની પાયમાલી છે એવું સમજતો હોય એટલે સારો દેખાવ કરવા કોઇ કોઇવાર જીભને પણ નચાવે, છતાં અંતરમાં માલિકશાહી ભોગવી એને ન ગમે; અને એ મનોવૃત્તિએ લાખો ને કરોડો બ્હેનોને પડદા રૂપી જેલખાનામાં રૂંધી રાખી છે. કોઇ સમાજે તો માલિકશાહીમાં ધર્મના નામે જીવતી ફુટી બાળવાનો ઘાતકી રિવાજ પણ વર્ષો સુધી ચલાવ્યો. આખરે રાજા રામમોહનરાય જેવા ભડવીરે સામનો કરી તે ઘાતકી પ્રથા બંધ કરાવી, છતાં માલિકશાહીનો દોર તો ન જ તૂટ્યો.

આપણી જૈન સમાજમાં જૈન ધર્મના સ્થાપક અને જગતને પાંચ શિલ્પનું જ્ઞાન આપનાર ભગવાન આદિનાથ તેમ જૈન શાસનના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર ભગવાને પોતાના શાસનમાં સ્ત્રી વર્ગની લેશ પણ મહત્તા ઓછી આંકી નથી. કોઈ કોઇ સ્થળે તો વધારે પણ આંકી છે. ટુંકમાં સ્ત્રી અને પુરૂષોના સરખા અધિકારના જ દ્રષ્ટાંતો છે. થોડાક દાખલા તપાસીએ;—

- —જેમ પુરૂષ તીર્થંકર થઇ શકે છે તેમ સ્ત્રી પણ તીર્થંકર થઇ શકે છે.
- —જેમ પુરૂષ સાધુપણામાં કે સંસારીપણામાં મોક્ષે જઇ શકે છે તેમ સ્ત્રી પણ જઇ શકે છે.
- —જેમ પ્રભુના શ્રીસંઘમાં શ્રાવક સમુદાયના પુરૂષો આગેવાન; તેવી જ રીતે શ્રાવિકા સમુદાયની શ્રાવિકા આગેવાન.

જે સમાજ સ્ત્રી જાતિનો તીર્થંકર થવા સુધીનો હક્ક સ્વીકારે તે સમાજમાં સ્ત્રી જાતિ સંપૂર્ણ આઝાદ હશે ! તેના ઉપર કોઇની માલિકશાહી નહિ હોય ! અને જો માલિકશાહી હોય તો જરૂર મૂળ આગમોમાં એનો ઉલ્લેખ હોત. પરંતુ જૈનધર્મે તો તેનો ધર્મમાં સમાન હક્કનો સ્વીકાર કર્યો છે પછી સામાજીક રચનામાં તેને સમાન હક્ક હોય જ. એમાં શંકાને સ્થાન જ નથી. છતાં દુઃખની સાથે કહેવું પડે છે કે અન્ય સમાજોની દેખાદેખીથી આપણી સમાજે પણ માલિકશાહીનો દોર જમાવી સમાજના અડધા અંગને પાંગળું બનાવ્યું છે.

જેઓના હક્ક ઉપર બીજાઓ સત્તા જમાવીને બેઠા છે તેઓ પાસે કાકલુદીઓ કરવાથી સમાન હક્ક નથી મળતા; કે કોઇ બીજાની આશા ઉપર જીવવાથી નથી મળતા, પરંતુ પોતાના જ પગો ઉપર ઉભા રહી જે માગણી કરે છે, જહેમત ઉઠાવે છે, પરિશ્રમ વેઠે છે, અનેક દુઃખ સહન કરે છે અને હક્ક માટે ટટાર ઉભા છે તેણે જ હક્ક મેળવ્યા છે, અને માલિકશાહીને નમતું આપવું પડ્યું છે. ગાઢ નિદ્રામાં નાખેલો સ્ત્રી વર્ગ જાગવા માંડ્યો છે, તેને તેના હક્કોનું ભાન થવા માંડ્યું છે. છતાં બીજાની દેખાદેખીથી ખોટા રસ્તે ચડેલો પુરૂષવર્ગ સમાનહક્કની વાત થતાં એનું મ્હોં દીવેલ પીધા જેવું થઇ જાય છે; સાથે અનેક કલ્પનાઓના ઘોડા દોડાવે છે.

આપણા સમાજમાં જ્યારથી નજીવી વાતોમાં ઘુંસાઘુંસી દાખલ થઈ મતભેદો પેઠા, જ્ઞાતિઓ ને ઘોળોનાં મંડાણ મંડાયા, પુરૂષોએ એક હથ્થુ કાયદા ઘડયા ત્યારથી કે આજ દિન સુધી પ્રણાલિકાને રીતરિવાજોના બ્હાના નીચે સ્ત્રીઓનો વિકાસ સદા માટે દબાવી રાખ્યો છે; અને કોઇ કોઇ સ્થળે તો સ્ત્રીઓને પોતાના કુટુંબોની બહાર હરવા ફરવા દેવામાં પણ આવતી નથી, સ્વતંત્ર હવાથી ગભરાવનારા જેલખાના રૂપી ઓઝલ પડદામાં પૂરી રાખવામાં આવે છે. જો એ ઓઝલ પડદારૂપી જેલની દિવાલ ખસેડવામાં આવે અને એ માતાઓ દુનિયાની અવનવિ પ્રગતિ અને ભિન્ન ભિન્ન પ્રકારની પ્રવૃત્તિઓમાં રસ લે તો સમાન હક્ક સમજે ને માગણી કરે ને ?

સંસારરૂપી રથના બે ચક્રોમાં સ્ત્રી અને પુરૂષ સરખા હક્કદાર ન હોય, માલિક ને ચાકરની સ્થિતિમાં હોય તો એ રથમાં બેઠેલાની શી સ્થિતિ ? પુરૂષના જીવનભરનો જે સ્ત્રી સાથી છે તેને સામાજીક, આર્થિક કે રાજદ્વારી પ્રશ્નોથી દૂર રાખી, રસોડાની રસોયણ તરીકે, બાળકો ઉત્પન્ન કરવાના મશીન તરીકે કે સમાજમાં પોતાની ઇજ્જતનો વધારો કરવા જર–ઝવેરાત, સોના ચાંદી ને લુગડાં લત્તાથી શણગારેલી પૂતળી તરીકે તેને રાખવામાં સમાજની પ્રગતિ છે ?

માલિકશાહીના માનસેજ કુમાર અને કુમારિકામાં કેળવણીના ભેદભાવ રાખ્યા છે, એ ભેદભાવના લીધે સ્ત્રીઓને અજ્ઞાન રૂપી

અંધકારમાં રાખવામાં આવે ત્યારે એવી અભણ, ડરપોક, ડગલે ને પગલે વ્હેમ અને રીતરિવાજોથી ભડકતી માતાના ખોળામાં ઉછળતાં બાળકો માટે મોટી મોટી આશાઓ બાંધવી નકામી છે. દુનિયાના મહાન શિક્ષણકારોનું માનવું છે કે બાળકોનો મોટામાં મોટો ગુરૂ તેની માતા છે એટલે તેને ઘરની ચાર દિવાલોમાં પૂરી રાખવા કરતાં આઝાદ કરી, અશિક્ષિત કરતા શિક્ષિત કરી તો જ ગુરૂ તરીકે પોતાની ફરજ બરાબર બજાવશે અને પુરૂષોની હારોહાર ખભો મિલાવી દેશ ને સમાજની ઉન્નતિમાં સાથ આપશે. બાકી તેની સ્વતંત્રતા વિના ઉન્નતિ–પ્રગતિ દૂરની દૂર જ રહેવાની. દરેક દેશની ને સમાજની સુધારણા સ્ત્રીઓના સાથ વિના થઇ શકવી અસંભવિત છે. ટર્કી ને રશિયાની મુક્તિ મેળવવામાં સ્ત્રીઓએ મહત્વના પાઠ ભજવ્યા છે. એ સૌ જાણે છે છતાં સ્ત્રી કેળવણી અંગે આપણો પક્ષપાત, બેદરકારી ને મૂર્ખાઇ ભરેલી દલીલો ક્યાં અજાણી છે ?

પુરૂષ અને સ્ત્રીઓના હકોમાં આપણે ભેદભાવ રાખતા હોવાથી આપણે આપણી જાતને તેનાથી વધારે લાયક સમજીએ છીએ, સમાજનું સુકાન આપણા હાથમાં હોવાથી ન્યાયનું ત્રાજવું પુરૂષ માટે વધારે નમતું રહે છે, જ્યારે સ્ત્રીઓ માટે ઇન્સાફ તો બાજુએ રહ્યો. પણ આર્થિક, સામાજીક ને રાજદ્વારી પ્રશ્નોમાં સરખા હકકની માગણી થાય છે ત્યારે આપણે એની કોમળતા, એનું શરીર બંધારણ, બિન આવડત, કમ અક્કલ, ભીરૂતા વિગેરે દોષારોપણ કરી એને નિંદીએ છીએ. એ નિંદનારાઓ ભૂતકાળ તરફ દૃષ્ટિ ફેરવશે તો એને સમજાશે કે સ્ત્રીઓએ આંટીઘુંટીના રાજતંત્રો ચલાવ્યાં છે, અનેક ભલભલા મૂછાળા રાજવીઓને–સેનાપતિઓને રણમાં હંફાવ્યા છે, અનેક શિલ્પ ને સાહિત્યમાં યશ પ્રાપ્ત કર્યો છે. અને વર્તમાનકાળમાં તો યુરોપ ને અમેરિકામાં સ્ત્રીઓ પુરૂષ સમોવડી જ મનાય છે. તેના દાખલા દલીલ ટાંકવા જતાં લેખ લાંબો થવાની ધાસ્તીએ ફકત સોવિયેટ રાજ્યમાં સ્ત્રીઓની થયેલ પ્રગતિના થોડાક આંકડા જોશું તો ત્યાં ઉદ્યોગખાતામાં ૬૬૦૦૦થી વધારે ઇજનેરો છે, ડોકટરી લાઇનમાં ૪૨૦૦૦ હજાર એટલે ૫૦ ટકા, પ્રાથમિક શાળાઓમાં શિક્ષિકા તરીકે ૬૦ ટકા, માધ્યમિકશાળામાં ૫૮ ટકા ને યુનિવર્સિટિઓમાં ૩૮ ટકા શિક્ષક તરીકે, ૨૦૦૦૦ વિમાની શિક્ષણમાં, ૪૬૦૦૦૦ લશ્કરી તાલીમમાં, આ સિવાય તત્ત્વજ્ઞાન, વિજ્ઞાનિક જ્ઞાન, સાહિત્ય, કળા વિગેરે જ્ઞાનમાં સેંકડો સ્ત્રીઓ અગ્રસ્થાન ભોગવે છે, સાથે રાજકીય જીવનમાં પુરૂષ જેટલા જ અધિકાર ભોગવે છે, ને આપણા ભારતવર્ષમાં અનેક રીત રીવાજો ને પ્રણાલિકાઓના બંધનથી સ્ત્રીઓને જકડી લેવામાં આવી છે. છતાં કોઈ કોઇ સ્થળે શિક્ષણક્ષેત્રમાં, કોલેજોના પ્રોફેસરો તરીકે, સ્કુલોના પ્રિન્સિપાલ તરીકે, વિજ્ઞાનમાં ઉંચી પદવી મેળવનાર તરીકે, ફીલસુફીમાં નિષ્ણાત અધ્યાપિકાઓ તરીકે આગળ આવીને બુદ્ધિનો પરચો બતાવ્યો છે અને નિર્ભયતામાં બહુ દુર જવા કરતાં પૂજ્ય મહાત્માજીની સરદારી નીચે ભારત આઝાદીના અહિંસક યુદ્ધમાં લાઠીનો માર ખાવામાં, જેલના દુઃખો સહન કરવામાં ઓછું શૌર્ય નથી બતાવ્યું.

આ ઉપરથી કોમળતા, બીન આવડત, કમઅક્કલ, ભીરૂતા વિગેરે દોષો જોનાર ને મૂકનાર સમજે કે પુરૂષ કરતાં સ્ત્રી ક્યારે ઉતરતી નથી પરંતુ સમોવડી–ચઢીઆતી છે. એટલે સરખા હકની અધિકારી છે. જ્યાં છુટછાટ જેવું હોય જ નહિ, સામાજીક પ્રગતિમાં સ્ત્રીઓના હકને પુરૂષોએ છીનવી લઇ સ્ત્રી જાતને દબાયેલી રાખી છે. તેના હકોની લુંટ કરી છે.

જેઓ પોતાની બુદ્ધિ ને વિચારશક્તિ ઉપર મદાર બાંધવા કરતાં બીજાની જ દોરવણી ઉપર દોરવાય છે. પ્રણાલિકા ને રૂઢિ બંધનોના જ હિમાયતી છે તેવાઓ સમાનહક કે કોઈ પણ સુધારાની વાત સાંભળતાં સ્પષ્ટ ના સુણાવે છે એટલે તેને માટે શું કહેવાનું હોય ! પણ જેઓ સુધારક તરીકે ખપવામાં માન સમજે છે તેવાઓ પણ જ્યારે કોઈ સમાન હકની ઘોષણા કરે કે ઠરાવ થતો સાંભળે ત્યારે થરથરી ઉઠે છે અને જાણે પોતાનું સર્વસ્વ લુંટાઇ ન જતું હોય, તેમ વગર વિચારે અનેક બખાળા કાઢી પોતાની બુદ્ધિનું પ્રદર્શન ભરી સુધારક તરીકેનો તેમનો દંભ ખુલ્લો કરે છે. આવા દુધ દહીંયાઓ–સમન્વયપંથીઓ બિચારા દયાને પાત્ર છે.

બીજાની મોરલીએ થનથનાટ કરનારા હોય કે દુધદહીંઆ હોય, સૌને સમજી લેવાની જરૂર છે કે આપણે સ્ત્રીજાતની અજ્ઞાનતાનો લાભ લઇ માલિકશાહીનો દોર ચલાવ્યો છે–ચલાવી રહ્યા છીએ તે દોરદમામ છોડી દઇ તેમને સમાન માની, તેમની તમામ શક્તિઓ ખીલવવા માટે દરેક સાધનો ઉભાં કરી તેમને આગળ વધવા દઇશું ત્યારે જ આપણો વિકાસ અને ઉન્નતિ થશે.

---

( 'જૈન સંસ્કૃતિ' પૃષ્ઠ ૧૦૩ નું ચાલુ )

થા ભાવિ યુગપ્રધાનનું લક્ષ્ય બનશે. અને તે પ્રમાણે એકાદ સૈકામાં ન બને તો જૈન સંસ્કૃતિનાં ઉતરતાં પાણી છે તે પણ તેટલું જ ચોકકસ છે.

આપણી પ્રાચીન સંસ્કૃતિનાં માત્ર ગુણગાન કરવાથી, તેની વાહવાહ બોલવાથી અને મહાન પુરૂષોનાં જીવન ચરિત્રો માત્ર પોપટની માફક પઢવા માત્રથી આપણો ઉદ્ધાર નથી; ઉદ્ધાર તો છે જે સમયવર્તી પરિસ્થિતિ અનુસાર આચાર વિચારમાં જરૂરી ફેરફાર કરી તે મુજબ જીવન જીવી બતાવનારનો; પોતે જે મુજબ ઉપદેશ આપે છે, જે રીતે જીવન ગાળવાની સલાહ આપે છે તે મુજબ પોતે પોતાના જીવનમાં વર્તી શકે છે તેનો. આના માટે નિર્ભયતા અને પ્રામાણિકતા એ બે ખાસ ગુણ હોવાની આવશ્યતા છે. જે નાયક સમાજથી બ્હીને વર્તશે તેનાથી કાંઇ થવાનું નથી; જે નાયક સમાજને એક વખત તો ઠોકરે મારી પોતાનું ધાર્યું કરી લેશે ત્યારે તેના પગલાંથી જે ઉજ્જ્વાળામણ આવશે તેના પ્રતાપે આખો જનસમાજ તેને અનુસરવા પ્રયત્ન કરશે. ભાવિમાં કોઈ પણ વિજય વરવાનો હોય તો તે આવી નિર્ભય અને પ્રામાણિક વ્યક્તિને જ વરશે.

ઉપરોકત આપણી ભૂત અને વર્તમાન પરિસ્થિતિ પર વિચાર કરી યોગ્ય રાહ લેવાની ગૃહસ્થ અને શ્રમણસંઘ તૈયારી કરે તો આપણો ઉત્કર્ષ તેટલો વહેલો આવી શકે; તેમ ન બને તો જે ઉત્કર્ષ કરવા આવશે તેને પણ તેટલી પ્રાથમિક તૈયારી કરી માર્ગ સાફ કરવાનો રહેશે અને ત્યારબાદ તે પર નવીન રચના કરી શકશે. સમાજ આ વસ્તુ સારી પેઠે વિચારી લે.

—સંપૂર્ણ.

# એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા.

લેખકઃ– ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.

ગતાંકથી ચાલુ.

## પિટ્સબર્ગને દાન.

ત્યારપછી પિટ્સબર્ગ શહેરની માગણી ઉપરથી તે શહેરમાં પણ એક લાયબ્રેરી બાંધી આપવામાં આવી. અને પાછળથી તે શહેર માટે 'સંગ્રહસ્થાન' ચિત્રસંગ્રહસ્થાન' 'ઔદ્યોગિક શાળાઓ' અને જુવાન સ્ત્રીઓ માટે 'માર્ગારેટ મોરીસન સ્કુલ' એ બધી સંસ્થાઓના મકાનો બંધાવી તેને ઇ. સ. ૧૮૯૫ ના નવેમ્બર માસની ૫ મી તારીખે ખુલ્લાં મૂક્યાં, અને એ મકાનો પાછળ કાર્નેગીએ બે કરોડ એંશીલાખ ડોલરનો ખર્ચ કર્યો. કાર્નેગી માનતો કે જે શહેરમાં રહીને હું તવંગર થયો તે શહેરે મને આપેલી મીલ્કતનો આ નાનકડો ભાગ જ હતો.

## કાર્નેગી ઇન્સ્ટીટ્યુટ.

ત્યારબાદ ઇ. સ. ૧૯૦૨ના જાન્યુઆરીની ૨૮ મી તારીખે પ્રે૦ રૂઝવેલ્ટની સલાહ મુજબ; 'કાર્નેગી ઇન્સ્ટીટ્યુટ' સ્થાપવાને પાંચ ટકાના વ્યાજવાળા એક કરોડ ડોલરના બોન્ડ તેણે અર્પણ કર્યા. આ ઇન્સ્ટીટ્યુટના ચેરમેન તરીકે પરદેશખાતાના પ્રધાન મી. જોન હેને થવાનું કબુલ કર્યું અને તેની સુવ્યવસ્થાની ખાતરી તેને થતાં બીજા દોઢ કરોડ ડોલર આપી એ બક્ષીસ અઢીકરોડ ડોલરની કરી આપી. ઇ. સ, ૧૯૦૪ના એપ્રીલની ૨૮ મી તારીખે આ સંસ્થાનું કામ શરૂ થયું. આ સંસ્થાનો ઉદ્દેશ એવો હતો કે–શોધખોળના કાર્યને, નવી શોધો કરનારને, તેમ જ પ્રાપ્ત જ્ઞાનનો મનુષ્યમાત્રની સ્થિતિ સુધારવાના કામમાં ઉપયોગમાં લેવાના કાર્યને, વિશાળ દૃષ્ટિથી ઉદારતા પૂર્વક ઉત્તેજન આપવું. વિજ્ઞાન, સાહિત્ય અને કળાના પ્રત્યેક પ્રદેશોમાં શોધખોળો કરાવવી, અને તેને દરેક રીતની મદદ આપવી. આ સંસ્થા તરફથી થતા કામકાજોમાં દરિયાના માર્ગો દરિયાઇ સાધનોના સંબંધની ઘણી ભૂલો સુધરવા પામી છે. અને તેથી કરીને દરિયામાં મુસાફરી કરતી પ્રજાઓ આ સંસ્થાની ઘણી પ્રશંસા કરે છે. આ સંસ્થાની બક્ષીસના દસ્તાવેજમાં કાર્નેગીએ એક સૂચના કરી છે કે, આપણા પ્રજાસત્તાક રાજ્ય ઉપર જુની દુનિયાનું જે મોટું જાણુ ચડેલું છે તે કંઇક અંશે પણ ફિટાડી શકાય તો સારૂ. આ તેની સૂચનાઓનો અમલ શરૂ થયો અને ધીરે ધીરે દેશ તે ઋણમાંથી મૂકત થયો.

## હીરો ફંડ.

એક વખતે પિટ્સબર્ગ પાસેની કોલસાની ખાણમાં ગંભીર અકસ્માત થયો. તે સાંભળી બીજા જરૂરી કામમાં રોકાયેલો કાર્નેગીનો માણસ એ અકસ્માતની જગ્યાએ પોતાના સ્વયંસેવક મિત્રોને લઇ દોડી ગયો અને લોકોના જાન બચાવવાના કામમાં તે લાગી ગયો. આમ કરતાં તેણે અકસ્માતના ભોગ બની પોતાનો જાન ગુમાવ્યો, આ પ્રસંગે કાર્નેગીના હૃદય ઉપર ઉંડી અસર કરી, અને તેણે આવી રીતે પરોપકારનું કાર્ય કરતાં જે જે વીરપુરૂષોએ પોતાના જાન ગુમાવ્યા હોય અથવા શારીરિક નુકશાન વેઠયું હોય તેવા વીર પુરૂષોને ઇનામો આપવા, અથવા તેમના કુટુંબોના ભરણપોષણ માટે વ્યવસ્થા કરી આપવા એક "હીરોફંડ" ઇ. સ. ૧૯૦૪ના એપ્રીલની ૧૫ મી તારીખે સ્થાપવામાં આવ્યું. અને કાર્નેગીએ આ હીરોફંડને પચાસ લાખ ડોલરની બક્ષીસ કરી. આ હીરોફંડનો લાભ દુનિયાના ઘણા ખરા દેશોમાં પહોંચે છે. આ ફંડની પ્રશંસા કરનારો એક પત્ર 'જર્મન શહેનશાહ કૈસર' તરફથી કાર્નેગીને મળ્યો હતો. અને 'નામદાર સાતમા એડવર્ડે' પણ આ ફંડની પ્રસંશા કરનારો એક પત્ર તથા તેની વાહવાહી બતાવવા તેમણે પોતાનો એક ફોટો કાર્નેગીને મોકલી આપ્યો હતો. આ "હીરો ફંડ" હવે તો પેન્શન ફંડનું રૂપ લઇ રહ્યું છે. અને થોડાંજ વર્ષોમાં તે ફંડમાંથી પેન્શન મેળવનારાઓની સંખ્યા ૧૪૩૦ સુધી પહોંચી છે.

આ ફંડના પ્રેસીડેન્ટ તરીકે કાર્નેગીએ પોતાના જુના મિત્ર ચાર્લી ટેલરને પસંદ કર્યો હતો. કારણ એ ઘણો પ્રમાણિક અને નિઃસ્વાર્થ સેવા કરનારો વફાદાર મિત્ર હતો. કાર્નેગીએ આ સિવાય "કાર્નેગી રીલીફ ફંડ" અને 'પિટ્સબર્ગ રેલ્વે રીલીફ ફંડ"નો વહીવટ પણ તેને જ સોંપ્યો હતો.

## લેહિગ યુનિવર્સિટી અને ચાર્લી.

કાર્નેગી લખે છે કે ચાર્લી હમેશાં મને બીજાના ભલા માટે કાંઇને કાંઇ કરવાનો ઉપદેશ આપતો, પણ તે સામાન્ય સ્થિતિના માણસને પોતાની મહેનત બદલ કંઇક મહેનતાણું લેવાનો જ્યારે હું આગ્રહ કરતો ત્યારે તે નારાજ થતો. એ લેહિગ યુનિવર્સિટીનો ગ્રેજ્યુએટ હતો. અને એ યુનિવર્સિટિના ભલા માટે ખુબ મહેનત કરતો. આ યુનિવર્સિટિને એક મકાનની જરૂર હતી. પણ એ માટે હું કાંઇ બોલ્યો નહિ. પરંતુ મેં એક વખત પ્રેસિડેન્ટ ડ્રિન્કરને કાગળ લખ્યો કે, એ યુનિવર્સિટિના મકાનને મારી મરજી મુજબનું નામ આપવાની શરતે મકાન બાંધવા માટે જોઇતાં નાણાં આપવા હું તૈયાર છું. પ્રેસિડેન્ટ ડ્રિન્કરે મારી શરત કબુલ રાખી. એટલે મેં એ મકાનનું નામ "ટેલર હોલ" પાડવાની શરતે તેને જોઇતાં નાણાં આપવાનું કબુલ કર્યું. આ વાતની ચાર્લી ટેલરને જ્યારે ખબર પડી ત્યારે તેણે તે નામ આપવા સામે વાંધો ઉઠાવ્યો. અને મને તેમ ન કરવા માટે ઘણું સમજાવવા લાગ્યો કે હું એક સામાન્ય ગ્રેજ્યુએટ છું. આવા જાહેર માનને પાત્ર હું નથી. એની આવી સ્થિતિ જોઇ મને ઘણી ગમ્મત પડી. અને એ જ્યારે બોલતો બંધ થયો ત્યારે મેં જણાવ્યું કે; ટેલર નામ કંઇ બહુ મહત્વનું નથી. તારી વ્હાલી યુનિવર્સિટિ માટે તારે ટેલર નામનો ભોગ આપવો જોઇએ. આમ ઘણી રીતે સમજાવવા છતાં તે જ્યારે પોતાનું નામ તે સાથે જોડવાને ના કહેવા લાગ્યો ત્યારે મેં છેવટના નિર્ણય તરીકે જણાવ્યું કેઃ આ વાતનો નિર્ણય તારા જ હાથમાં છે. ગમે તો ટેલર નામનો ભોગ આપ ! અથવા લેહિગનો ભોગ આપ ! તારી મરજી પડે તેમ કર. ટેલર નહિ તો હોલ પણ નહિ. છેવટે મેં તેને મહાત્ કર્યો. અને વ્હાલી યુનિવર્સિટી માટે તેણે પોતાનું નામ આપવાનું કબુલ કર્યું. અને મેં કહ્યું કેઃ ભવિષ્યમાં જે મુસાફરો એ હોલ ઉપર નજર નાખશે અને પૂછશે કે ટેલર કોણ છે ? તેને એ હોલ જવાબ આપશે કેઃ ટેલર એ લેહિગનો વ્હાલો પુત્ર હતો. અને જાતભાઇઓની સેવા કરનારો, ઉપદેશ આપનારો ઉપદેશક નહિ પણ તેને અનુરૂપ વર્તન રાખનારો હીરસ્તો હતો. —ચાલુ.

# આપ જાણો છો ?

—કે શ્રી. સાગરાનંદસૂરિ આપણા જુના આગમગ્રંથોમાંના એક છે ને જૈન–જૈનેતર શાસ્ત્રોનો અભ્યાસ વિપુલ છે ?

—કે અહંતાના ગુમાનમાં રા. નેમવિજયે અભ્યાસ જતો કર્યો છે અને શાસ્ત્રો સાથેનો એમનો સંસર્ગ ઓછો થવાથી જ્ઞાન કટાવા લાગ્યું છે ?

કે–ગુજરાત–મુંબઈના જૈનોની યુવક પ્રવૃત્તિનું પડદા પાછળનું બળ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ છે ?

—કે શ્રી ધીરજલાલ ટોકરશી શાહ અવધાનના પ્રયોગો શ્રી સંતબાળ પાસેથી શિખ્યા છે ?

—કે લાલા લજપતરાય આર્યસમાજીસ્ટ બન્યા પ્હેલાં જૈન હતા?

—કે પોતાને 'બાળ બ્રહ્મચારી'નું બિરુદ લટકાવતા શ્રી રામવિજયજીનાં ચક્ષુ ચોપાસની કાળી ઝાંય વિષે શરીરશાસ્ત્રની દૃષ્ટિએ કૈં જુદું જ જણાય છે?

—કે આચાર્ય વિજયવલ્લભસૂરિ પણ Chipg' the old block —જૂના વિચારવાળાઓમાંના જ એક છે ?

—કે શ્રી પરમાનંદ કાપડીયા વકિલ બનીને, વકિલાત નહિ કરતા ઝવેરી થયા છે?

—કે 'જૈન'ના અગ્રલેખો અને નોંધો મુખ્યત્વે શ્રી શામજીભાઇ સુશિલ લખે છે.

—કે 'His holliness' શાંતિવિજયજી બહુજ તપપ્રભાવની ઉત્પન્ન છે અને બહુ ઓછું ભણેલા હોઇ કેવળ ચમત્કારોની વાતોથી સેંકડો નર–નારને ભુરકી નાખે છે?

—કે શ્રીમદ્ રાજચંદ્રજીને ગાંધીજી ગુરૂ માને છે?

—કે સૌમેન્દ્રનાથ ટાગોર જોડે પરણનાર કુ. શ્રીમતી હઠીસિંગ જૈન છે અને જહે કુટુંબે હઠીસિંગના દેહરાં બનાવ્યાં તેજ કુટુંબના એ બ્હેન સરસ નૃત્તિકા પણ છે ?

—કે ઉપવાસ આયંબીલ એકટાણા—આ તમામ શરીર શુધ્ધિ અર્થે અને શરીરપર કાબુ કેળવવા માટેજ જૈન ધર્મમાં મહત્વ પામ્યાં છે?

—કે પ્રતિક્રમણ એ વિશુધ્ધિવાંચ્છુજનની રોજનિશિ લખી ભૂલ સુધારવાની ક્રિયાનુંજ એક જૂનું સ્વરૂપ છે?

—કેGuids [દોરનારા] મટીને આજના સાધુઓ Gardians (વાલી) બન્યા ત્યારથી જ નથી તો પોતે વિકસી શકતા ને નથી કોઇનો વિકાસ કરી શકતા?

—કે જૈનોની આજની સાધ્વી સંસ્થા સાવ નિરૂપયોગી અને દારિદ્રય પ્રસારક જ મનાઇ છે ?

—કે સાધુઓની જમાતમાં સુધારક તરીકેની કૈંપે કીર્તિ કોઇને આપવાની હોય તો એને માટે સૌથી વધુ લાયકાત વિજયધર્મસૂરિના સંઘાડાના સાધુઓ ધરાવે છે ?

# શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટ અંગે

## મુંબઇ જૈન યુવક સંઘે નીમેલ સમિતિનું

## વૃતાન્ત.

શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટ અંગે કાર્યવાહક સમિતિની સુચનાનુસાર અમો તા. ૧૫–૧૨–૩૬ ના રોજ શેઠ દેવકરણ મુળજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને મળ્યા હતા, તેઓએ શેઠ દેવકરણ મુળજીના ટ્રસ્ટ બાબત અમારી સાથે નિખાલસથી વાત કરી હતી. ટ્રસ્ટનો સં. ૧૯૯૦ સુધીનો ઓડીટ કરેલો હિસાબ હાઇકોર્ટમાં તેઓએ ફાઇલ કરાવ્યો છે. સં. ૧૯૯૧ નો હિસાબ ઓડીટ કરાવ્યો છે. સં. ૧૯૯૨ નો હિસાબ ઓડીટ કરાવવા માટે ઓડીટરને ત્યાં મોકલ્યો છે. તેઓ તરફથી અમને કહેવામાં આવ્યું છે કે કોઇ પણ જૈનને હિસાબ જોવો હોય તો અમો તેમને બતાવવા અને તેમને જોઇતા ખુલાસા અમોને રૂબરૂમાં મળ્યેથી કરવા તૈયાર છીએ જેથી તેમની શંકાનું નિરાકરણ થઇ શકે:

હિસાબ છપાવી જાહેર પેપરોમાં બહાર પાડવાની અમારી માગણીને તેઓએ એવા કારણસર ના પાડી કે જ્યાં સુધી ટ્રસ્ટનો વહીવટ સંપૂર્ણ ન થાય અને હાલના ટ્રસ્ટીઓ રીટાયર થઇ વીલ મુજબ જુદા જુદા ખાતાના ટ્રસ્ટીઓ નીમી તેને રીતસર સોંપણી ન કરે ત્યાં સુધી હિસાબ છપાવી બહાર પાડવા તેઓ ઇચ્છતા નથી કારણ તેઓને એવી સલાહ મળી છે.

વીલમાં જણાવ્યા મુજબ ઘણા ખાતાઓની રકમો અપાઇ ગઇ છે. રૂા. ૧૫૨૦૦૦] એક લાખ બાવન હજાર આપવાના બાકી છે. દેવકરણ મેન્સનના ભાડાની ચોકખી આવક વાર્ષિક રૂપીયા સાઠ હજાર આશરેની હાલ થાય છે. એ હિસાબે બે વર્ષમાં એટલે સં. ૧૯૯૪ ની સાલ સુધીમાં દેવું અપાઇ જશે એમ ટ્રસ્ટીઓનું માનવું છે. પછી શ્રી મહાવીર જૈન વિદ્યાલય, હોસ્પિટાલ અને સસ્તા ભાડાની ચાલને માટે આપવાની રકમ સામે દેવકરણ મેન્સનના વેચાણની રકમ અથવા ભાડાની રકમ ઉભી રહેશે. એટલે સં. ૧૯૯૪ પછીજ ઉપરની ત્રણે યોજનાઓ અમલમાં મુકાશે. અમને ટ્રસ્ટીઓ તરફથી પ્રેમપૂર્વક સાંભળવામાં આવ્યા હતા અને અમોને સંતોષ ઉપજે તેમ દરેક ખુલાસા કરવામાં આવ્યા હતા. જેને માટે તેમના આભારી છીએ.

અમારી કમીટિને ટ્રસ્ટીઓ સાથે થયેલ વાટાઘાટ ઉપરથી અમને એમ લાગે છે કે સં. ૧૯૯૪ પછી ત્રણે યોજનાઓ અમલમાં મુકશે તેથી આ બાબત મુલતવી રાખવાનું વ્યાજબી લાગે છે.

લી૦ સેવકો,

**મણીલાલ એમ. શાહ**
**નાનચંદ શામજી શાહ**
**અમીચંદ ખેમચંદ શાહ**

કમીટિના સભ્યો.

# જૈન જગત્.

**મ્હેસાણાઃ**—અત્રે શ્રી પરમાનંદ પ્રકરણે નવોજ પલટો લીધો છે. અમદાવાદના જુનવાણી ઠરાવને સંઘના નામે અનુમોદન આપવાની શ્રી લક્ષ્મણવિજયજીની ચાલબાજી ખૂલ્લી પડી ગઇ છે. શ્રી પરમાનંદને સંઘ બહાર કરવા થયેલ પ્રયત્નની સ્હામે ભી. આખરીયા અને બીજા કેટલાક ભાઇઓ થયા હતા. ત્હેના બદલામાં ત્હેમનો પણ સંઘ સાથેનો વ્યવહાર કાપી નાખવાનું જાહેર થયું હતું. શ્રી આખરીયા અને બીજા ભાઇઓએ તેથી અત્રેની ન્યાયાધિશની કોર્ટમાં બદનક્ષી અને ઠગાઇની ફરીયાદ નોંધાવી વારંટ મેળવી જડતીઓ લેતાં કાંઇ-પણ મળી આવ્યું નથી. એથી એમ જણાય છે કે મહાજનને ચોપડે આ સંબંધી કંઇ લખેલ નહિ હોવાથી એ લક્ષ્મણવિજયજીના કાર-સ્થાન હતાં એમ મનાય છે. અને તેથી આ વિષયની જુબાની ન લેવાય ત્યાં સુધી લક્ષ્મણવિજયજી વિહાર ન કરી જાય તે માટે લાયક જામીન લેવરાવ્યા છે. આમ એક સાધુની ખટપટે જાહારનો કલેશ ઘરમાં પેઠો છે. લક્ષ્મણવિજયજીએ સમજવું જોઇએ કે આવી રીતે સંઘમાં વિખવાદ ઉભો કરવાથી ત્હેના આસન સલામત નથી. દિન પ્રતિદિન સાધુઓનાં કર્તવ્યથી ત્હેમના તરફથી શ્રદ્ધા ઘટતી જાય છે. ત્હેમાં આ પ્રકરણથી ઉમેરો થાય છે, અને સ્થાનિક સંઘોએ પણ સમજવું ઘટે કે આવા સાધુઓના વર્તનપર અંકુશ મૂકવામાં નહિ આવે તો સંગઠન અને સ્નેહનો નાશ થશે.

**શ્રી મુંબઇ જૈન માંગરોળ સભાનો**ઃ—૪૫ મો વાર્ષિકોત્સવ તા. ૯–૧–૩૭ ને શનિવારના બપોરના ૩–૩૦ વાગે અત્રે સર કાવસજી જહાંગીર હોલમાં શ્રીમાન્ શેઠ મેઘજી સોજપાળના પ્રમુખ-પદે ઉજવાયો હતો. પ્રારંભમાં શેઠ રતીલાલ વાડીલાલ પુનમચંદે આમંત્રણ પત્રિકા વાંચી કાર્યનો આરંભ કર્યો હતો. ત્યારબાદ ઉપ-રોક્ત સભા હસ્તક ચાલતી કન્યાશાળા અને શિક્ષણશાળાની બ્હેનોએ પ્રાર્થના ગીત ગાઇ દાંડીઆરસ લીધા હતા. ત્યારબાદ સંસ્થાના બીજા મંત્રી શ્રી રમણિકલાલ ઝવેરીએ શાળાની વર્તમાન પરિસ્થિતિ પર ઉલ્લેખ કર્યો હતો, ત્યારબાદ શ્રીયુત મોહનલાલ ભગવાનદાસ સોલીસીટર, શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ અને શ્રી મકનજી જે. મહેતાએ પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં. શ્રી હીરાકોર બ્હેને પણ સંસ્થાને મદદ કરવા અપીલ કરી હતી. ત્યારબાદ પ્રમુખ શ્રી મેઘજી સોજપાળે પોતાના ભાષણમાં સંસ્થાના કાર્ય બદલ સંતોષ જાહેર કર્યો હતો અને શાળાની બ્હેનને ઇનામો વ્હેંચ્યાં હતાં. શેઠ ધીરજલાલ વાડીલાલ પુનમચંદ તરફથી ઉત્સવમાં સરસ કાર્ય કરનાર કન્યાશાળાની બ્હેનોને ચાંદીના સુંદર ખડીઆની ભેટ આપવામાં આવી હતી. ત્યારબાદ ગરબા, વ્યાયામ આદિ કાર્યક્રમ રજુ કરાયો હતો.

# સ્વ. ડૉ. નગીનદાસ જગજીવનદાસ શાહ

## સ્મારક ફંડની યોજના.

ડૉ. નગીનદાસ શાહ સ્મારક ફંડમાં આજસુધી રૂા. ૬૬૭–૮–૦ ની રકમ ભરાઇ છે, જેમાંથી રૂા. ૫૦) તેમનાં બે તૈલ ચિત્રો બનાવવા પાછળ વાપર્યાં છે. આ ચિત્રો યોગ્ય સ્થળે મુકાવવા વગેરેમાં જે કાંઇ ખર્ચ કરવો પડે તે ધ્યાનમાં લેતાં અને બીજા આવશ્યક ખર્ચ જતાં, બાકી રૂપીઆ ૬૦૦) આશરે રહેશે તેમ ધારી તેની નીચે મુજબ વ્યવસ્થા કરવા સ્મારક ફંડ સમિતિએ નિર્ણય કર્યો છેઃ—

ડૉ. નગીનદાસ શાહ સ્મારક ફંડની સીલીક રહેલી રકમ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને, તેમની મેનેજીંગ કમીટી દ્વારા નીચે મુજબ વ્યવસ્થા કરવા સારૂ સોંપવી.

'મજકુર રકમની વ્યાજની રકમ દર વરસે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં તેમના અભ્યાસના પરિણામની દૃષ્ટિએ વાપરવી. વિદ્યાલયમાં રહી અગર વિદ્યાલય દ્વારા મુંબઇ બહાર રહી જુદી જુદી લાઇનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી યુનિવર્સિટીની તેમની છેલ્લી પરીક્ષામાં ઉંચામાં ઉંચા નંબરે ફર્સ્ટક્લાસ મેળવે તેવા વિદ્યાર્થીઓને વારા ફરતી 'ડૉક્ટર નગીનદાસ શાહ પ્રાઇઝ' અથવા 'ડૉક્ટર નગીનદાસ શાહ ચંદ્રક' વિદ્યાર્થીની ઇચ્છા અનુસાર એમ બેમાંથી એક વસ્તુ આપવી અને આ પ્રમાણે વ્યાજની રકમ પ્રતિ-વરસે આપે જવી.

ફંડની રકમનો ઉપયોગ ઉપરોક્ત રીતે કરવાનો મુખ્ય આશય એ છે કે વિદ્યાલયનો લાભ લેનાર વિદ્યાર્થીઓ, ડૉ. નગીનદાસ શાહનો તે સંસ્થા સાથેનો તેમનો વિવિધ ક્ષેત્રોમાં સંબંધ યાદ કરી, તેઓ તે સંસ્થા તથા તેના કાર્ય તરફ સક્રિય હીત ધરાવવાની પ્રેરણા લે.

ડૉ. નગીનદાસ શાહના જે બે તૈલ ચિત્રો તૈયાર કરાવ્યા છે તેમાંનું એક ચિત્ર શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ડૉ. નગીનદાસે ૧૯૨૬ થી ૧૯૨૯ સુધી તે સંસ્થાના ઓનરરી સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે જે અનન્ય ભાવથી સેવા બજાવી છે તેની યાદગીરી બદલ વિદ્યાલયને ભેટ આપવું અને એ ચિત્ર વિદ્યાલયના હોલમાં યોગ્ય મેળાવડો કરી મેનેજીંગ કમીટી ખુલ્લું મુકશે. બીજું ચિત્ર ડૉક્ટર નગીનદાસે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપનામાં અને તેને પગભર કરવા જે ખંત અને પ્રશસ્ત પ્રયાસ સેવ્યો છે તેના સ્મરણ ચિન્હ તરીકે શ્રી મુંબઇ જૈન યુવક સંઘને ભેટ કરવું અને તે તેઓ યોગ્ય મેળા-વડો કરી સંઘની ઓફીસમાં ખુલ્લું મુકશે.

મંત્રીઓ,

**સ્મારક ફંડ સમિતિ.**

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪–૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.

નવજુવાનોનું કર્તવ્ય,

Regd. No 3220.

# તરુણ જૈન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર

વાર્ષિક લવાજમ ૧-૮-૦
છુટક નકલ ૦-૧-૦

:: તંત્રી : ચંદ્રકાન્ત સુતરીયા. ::

વર્ષ ૩ જું. અંક ચૌદમો
સોમવાર તા. ૧૫-૨-૩૭.

## મં × થ × ન.

—પરિષદો અને અધિવેશનો વાતાવરણ જરૂર શુદ્ધ કરે છે પરંતુ એ વાતાવરણની પાછળ રચનાત્મક કાર્યક્રમ ન હોય તો ક્ષણિક ચમકારાની માફક નષ્ટ થાય છે.

* * *

—વેશપરિવર્તન કરવાથી સાધુતા આવી જતી નથી. પરંતુ ક્રોધ, મોહ, મમત્વ વગેરે આંતરશત્રુઓને દૂર કરવામાં જ સાચી સાધુતા આવે છે. આવા સાધુઓ હંમેશાં વંદનીય અને પૂજનીય હોય છે.

—જગતમાં ધર્મને નામે માનવીઓની જેટલી કત્લેઆમ ચાલી છે. તેટલી બીજા કોઈ પણ કારણથી કત્લેઆમ થઈ નથી. અને ત્હેમાં મુખ્યભાગ ધર્મગુરૂઓએ ભજવ્યો છે.

—ભારતવર્ષમાં જેટલા તત્વજ્ઞાનીઓ પાક્યા છે તેટલા બીજા કોઈ પણ દેશે ઉત્પન્ન કર્યા નથી અને તેમના આપસના ઘર્ષણના પરિણામ રૂપ અનેક ધર્મો, જ્ઞાતિઓ, પેટા જ્ઞાતિઓ અને વાડાના સ્વરૂપમાં ભારતવર્ષ વિભક્તદશાને પામ્યો છે.

—તલવારના બળથી ફેલાતી સંસ્કૃતિ કદિ જનતામાં વ્યાપક ત્હેમ જ કલ્યાણરૂપ થતી નથી. પરંતુ પરસ્પરના આઘાત પ્રત્યાઘાતથી નાશને નોતરે છે.

—'મૂડીવાદ' એ સમાજનો મોટામાં મોટો દુશ્મન છે એમ હવે સિદ્ધ થઈ ચૂક્યું છે. જ્યાં જ્યાં મૂડીવાદના પગલાં હશે ત્યાં માનવજાતની ઉન્નતિ અશક્ય છે.

—'વ્યક્તિપૂજા' એ માનવીઓના વિકાસ માટેનો મોટામાં મોટો અંતરાય છે કારણ કે તેમાં વ્યક્તિત્વને ભૂલી વ્યક્તિની જ પૂજા આચરાય છે.

—આજના યુગમાં પ્રારબ્ધવાદીનું કામ નથી, પુરૂષાર્થવાદીઓજ પોતાની પ્રગતિ સાધી શકે છે. કપાળ ઉપર હાથ મૂકનારાની દશા આજે પણ કરતાં પણ નપાવટ બની છે.

## પવિત્ર ફરજ.

આ દેશમાં આઝાદીની હવા પેદા કરનાર પોષનાર: અને મુક્તિના માર્ગે દેશ–પ્રજા ને દોરવણી આપનાર મહાસભા એ એકજ સંસ્થા છે. તેણે સાધેલી સાધના અને સેવા વિરલ છે. તેનાં ત્યાગ અને તપશ્ચર્યા અજોડ છે. એ જ મહાસભાએ આજે દેશ–પ્રજા સમક્ષ એક પ્રશ્ન મુક્યો છે:

ત્હમો શું ચાહો છો: 'આઝાદી કે ગુલામી ?'

મહાસભાને સંપૂર્ણ વિશ્વાસ છે કે દેશ–પ્રજા આઝાદીને ચાહે છે. અને તેથી જ તેણે પ્રાન્તિક સ્વરાજ્યને નામે ઠોકી બેસાડેલી ભ્રમજાળને તોડવા નવા બંધારણ હેઠળ રચાવાની પ્રાન્તિક ધારાસભાઓની બેઠકો કબજે કરવાનો નિર્ણય કરી ચુંટણી જંગમાં ઝુકાવ્યું છે.

પ્રત્યેક મતદારને મળેલો 'મતાધિકાર' મહાસભાની વર્ષો સુધીની જહેમતઃ તેણે વેઠેલા અનેક કષ્ટો: અને ઇતિહાસમાં અજોડ એવી અહિંસક લડતદ્વારા અપાએલા અનેક ભોગોને આભારી છે. એટલે દેશના સાડાત્રણ કરોડ મતદારોને મળેલો એ 'મતાધિકાર' મહાસભાએ સોંપેલી મુલકની મીલકત છે. મતદાર તેનો ટ્રસ્ટી છે. અને સરદાર કહે છે તેમ 'મુલકની એ મિલ્કત' મહાસભા જ્યારે માગે ત્યારે તેને ચરણે ધરી દેવાની મતદારોની પવિત્ર ફરજ છે.

એ પવિત્ર ફરજ બજાવવાનો ઉત્સવ દીન મુંબઈ, મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક માટે તા. ૧૭મીનો દિવસ નક્કી થયેલો છે. એ જાહેર હકીકત હોઈ તે દિવસે પ્રત્યેક મતદાર પોતાની ફરજ બજાવવા પોલીંગબુથ તરફ પગલાં માંડે તેમાં અમારા જૈન ભાઈ બ્હેનો કે જેઓને એ 'મતાધિકાર' મળેલો છે. તેઓ મોખરે હોય એ અમારી ઉમેદ છે.

જૈન સમાજે કોઈ પણ પ્રકારના પ્રજાકીય પ્રશ્નોમાં આજ સુધી 'કોમીવાદ'નું શરણ શોધ્યું નથી. તેણે તો નિર્મળ રીતે 'હીન્દી' માનસ કેળવવાનો જ પ્રયત્ન કર્યો છે. અને તેને કોઈપણ પ્રત્યાઘાતીનો–પછી તે કો મુડીવાદી હો કે પંથ ભૂલેલો કો જુનુની આચાર્ય હો તેનો–પડછાયો તેને અપવિત્ર નહિ કરી શકે એટલો અમને વિશ્વાસ છે.

તા. ૧૭ મીએ પ્રત્યેક જૈન મતદાર ભાઈ બ્હેન પોતાની પવિત્ર ફરજ ન ચુકે. એજ અભ્યર્થના !

# તરુણ જૈન.

તા. ૧૫-૨-૩૭

## નવજવાનોનું કર્તવ્ય.

પ્રત્યેક સમાજો જ્યારે કુદરતની સાનુકુળતાનો લાભ લઈ પ્રગતિ સાધી રહ્યા છે ત્યારે આપણો સમાજ ઘોર નિદ્રામાં પડયો છે, ત્હેના લોહીમાં આળશે પગપેસારો કરી યુવાનીના થનગનાટને ઝેબ આપી છે. નવજવાનોએ એ નિદ્રા અને તંદ્રા બન્નેને દૂર હડસેલી સત્તાશાહીના ચરણોમાં કચડાતા સમાજને બચાવવાની જરૂર છે. સાધુશાહીના ઉન્માદમાં ખેંચાઈને આપણે આપણો નાશ નોતરવો જોઈએ નહિ. અંધશ્રદ્ધાના પડલો અને ગુલામી માનસ આપણે દૂર કર્યે જ છુટકો છે.

સાધુ પ્રત્યેની અંધશ્રધ્ધાના પરિણામે જ્ઞાન કે સાચા વૈરાગ્ય વિનાના નવદીક્ષિતો આપણને લાધ્યા, તેઓને આપણે પૂજ્ય માની આપણી શ્રદ્ધા તેઓને ચરણે ધરી, ત્હેનો ઉપયોગ ત્હેમણે પોતાની સત્તા અને લાગવગ ફરાવવા પૂરતો કર્યો. સમાજને છિન્નભિન્ન કરી શાસન કરવાની ઘેલછા કરી. ત્હેનું પરિણામ કેવું ભયંકર આવ્યું છે એ જણાવવાની ભાગ્યે જ જરૂર છે.

જ્હેમ સાધુઓએ આપણી શ્રદ્ધાનો દુરૂપયોગ કર્યો છે તેમ શ્રીમંતોએ પણ એજ માર્ગે ગમન કરવાનું પસંદ કર્યું છે. આપણી ધાર્મિક મીલકત મંદિરો વિગેરેની વ્યવસ્થા માટે શ્રીમંતોને આપણે ટ્રસ્ટી બનાવ્યા. ત્હેમણે એ મંદિરોની ભગવાનના નામે પેઢીઓ ચલાવી, ભૈયાઓ અને મુનિમોનો કાફલો જમાવ્યો. ત્હેનો ઉપયોગ સમાજને દબાવવામાં અને પોતાની લાગવગ વધારવામાં કર્યો, 'દેવદ્રવ્ય'ના નામે લાખો રૂપીયા એકત્રિત કર્યા. એ પૈસા ન તો જીર્ણોદ્ધાર માટે વપરાયા કે ન ધાર્મિક કે સામાજીક બાબતો માટે ત્હેનો ઉપયોગ થયો. આમ એકત્રિત થતા દ્રવ્યની શી વ્યવસ્થા થાય છે ત્હેની પણ સમાજને જાણ હોતી નથી. વરસોથી ચાલી આવતી આવી પેઢીઓની લાખો રૂપીયાની આવકના હિસાબે જમા થતા જોઈતાં નાણાંની વ્યવસ્થા કયાં અને કેવી રીતે થાય છે ત્હેની સમાજને જાણ કરવા પૂરતી પણ ટ્રસ્ટીઓ જવાબદારી અદા કરતા નથી.

આમ આવા સંચય થયેલા દ્રવ્યનો ઉપયોગ જો જીર્ણોદ્ધારમાં થયો હોત તો આપણા પૂર્વજોએ જે કળાનો બેનમુન વારસો આપણને સોંપ્યો છે ત્હેની આજે બેહાલી ન હોત. પ્રભુ મહાવીરના વિશ્વવ્યાપી અમૂલ્ય સિદ્ધાંતોના પ્રચાર માટે ઉપયોગ કર્યો હોત તો જૈન ધર્મની કોઈ જુદી જ જાહોજલાલી હોત. સામાજીક ઉદ્યોગોમાં એ મૂડી રોકાયેલી હોત તો સમાજની જે કંગાળ દશા નજરે પડે છે ત્હેને સ્થળે કોઈ જુદી જ પરિસ્થિતિ ઉભી થાત. પણ એ દિવસો ક્યાં છે ?

આજે તો આપણે ઉપાશ્રયમાં જઈએ છીએ અને આત્મશ્લાઘાના સૂરો કાને અથડાય છે. મતભેદોના બ્હાને એક બીજાને ઉતારી પાડવાની બાજી ગોઠવાય છે. વિદ્વતાના આડંબરો દાખવાય છે અને ઉપાશ્રયની ચાર દિવાલોમાં આત્મસંતોષ અનુભવાય છે, એટલું જ નહિ પણ એક દેશીય ઉપદેશનો લાભ અપાતો હોઈ સમાજની ઘોર ખોદાઈ રહી છે.

મંદિરોમાં જઈએ છીએ અને વિતરાગતાનું નામનિશાન દેખાતું નથી. કેવળ ઘેલછાનું જાણે પ્રદર્શન ભરાયું હોય તેમ મૂર્તિઓને કળાવિહિન રીતે શણગારાય છે. શાંતિમય અને નિર્મળ વાતાવરણને બદલે ધમાધમ અને અશાંતિના પડછંદા અથડાય છે.

ઉપરોક્ત અને તેવી બીજી પરિસ્થિતિ આપણે નહિ નભાવવી જોઈએ અને તે માટે સંકુચિત માનસને દૂર કરી આપણે વ્યવહારૂ કાર્યસાધક પગલાં લેવાં જોઈએ અને તે માટે નિચેની સૂચનાઓ ઉપયોગી નિવડશે.

(૧) ધર્માચાર્યોમાં પેઠેલો સડો પહેલામાં પહેલી તકે દૂર કરવો અને નવદીક્ષિતો થતાં પહેલાં તેની આકરામાં આકરી કસોટી કરવી ત્હેમાં પસાર થાય તોજ તે દીક્ષિત થઈ શકે એ પ્રકારની ઝુંબેશ ઉપાડવી.

(૨) જે જે ધાર્મિક કે સામાજીક ખાતાઓ હોય તેને વ્યવસ્થિત કાર્ય કરવાની ગતિમાં મૂકવાં અને તે તે ખાતાંઓની ખર્ચ જેટલી જ આવક રાખી તેમાં દ્રવ્યનો સંચય ન થાય એ રીતે ઉપાયો યોજવા માટે પ્રયત્ન કરવો.

(૩) ધાર્મિક કે સામાજીક ખાતાંઓના ટ્રસ્ટીઓ તેમના હસ્તક ચાલતાં ખાતાંઓ વ્યવસ્થિત બનાવવા માટે દાદ ન આપતા હોય તેવા ટ્રસ્ટીઓને દૂર કરવા માટે જહેમત ઉઠાવવી અને જ્યાં સુધી તે દૂર ન થાય ત્યાંસુધી તે તે ખાતાંઓમાં એક પૈસો પણ ન નાખવો એ જાતનું પ્રચાર કાર્ય કરવું જોઈએ. અને જનતાને સમજાવવું જોઈએ કે ધાર્મિક અને સામાજીક ખાતાંઓમાં આપેલા દ્રવ્યનો ઉપયોગ ઉદ્દેશ અનુસાર અને વ્યવસ્થાપૂર્વક થાય છે કે નહિ તે જોવાની અને જાણવાની તેની ફરજ છે.

(૪) સમયને અનુસરીને દાનનો પ્રવાહ બદલે એ જાતના પ્રચારની આવશ્યકતા છે. જે સમાજ શારીરિક દૃષ્ટિએ સુદૃઢ, સંસ્કારી અને ચારિત્રવાન હોય તેજ સમાજ પ્રગતિ સાધી શકે એ બાબતનો સ્થળે સ્થળે પ્રચાર કરવો.

આવા અને બીજા યોગ્ય ઉપાયોથી સમાજના થતા દ્રવ્યની બરબાદી દૂર કરી ત્હેનો સમાજ પ્રગતિમાં વ્યવસ્થિત ઉપયોગ થાય એ રીતે સમાજને તૈયાર કરવાની ફરજ આજના નવજુવાનો ઉપર આવી પડે છે. એ ફરજ જો આપણે અદા નહિ કરીએ તો સમાજનો આપણે દ્રોહ કર્યો ગણાશે. નવજુવાન દોસ્તો એ દ્રોહ નહિ કરે અને પોતાની ફરજ અદા કરશે. એ આશા વધારે પડતી નથી.

# પરિવર્તન કાળ.

આજનો સમય એ પરિવર્તન કાળ છે, સમાજના જુના બંધનો તૂટી રહ્યાં છે. નાતજાતનો ભેદભાવ ભૂલાઇ રહ્યો છે. સ્ત્રીઓ પરતંત્રતાની બેડી તોડી સ્વાધીનતા માટે મથી રહી છે. વિધવાઓ ઉપરના અત્યાચારો સામે જેહાદ પોકારાઇ રહી છે અને જે પરિસ્થિતિ આજથી દશ વરસ પહેલાં વિધવાઓની હતી તેમાં ખૂબ પરિવર્તન થયું છે. સ્ત્રીઓ માટે પુરૂષોની જે માન્યતાઓ હતી તેમાં પણ ખૂબ ફેરફાર જણાય છે. ખાનપાન અને એવી બીજી અનેક બાબતોમાં મૂળભૂત પરિવર્તન થઈ રહ્યું છે. ધાર્મિક માન્યતાઓના વ્હેણુ પણ એક સરખાં વહ્યાં નથી. તેમાં પણ સમયે સમયે પરિવર્તને પોતાનું સામ્રાજ્ય જમાવ્યું છે. ઉપદેષ્ટાઓ પણ અનેક પરિસ્થિતિમાં પસાર થયા છે અને થઇ રહ્યા છે. મંદિરો અને ઉપાશ્રયો પણ તેનાથી અલિપ્ત નથી. આમ સમાજના પ્રત્યેક અંગ ઉપાંગ ઉપર પરિવર્તન કાળે પોતાનો પંજો પ્રસાર્યો છે.

પરિવર્તન એ સંસારનો અબાધિત નિયમ છે. બાળક જન્મતી વખતે જેવા સ્વરૂપમાં હોય છે ત્હેવું સ્વરૂપ તેનું કાયમ રહેતું નથી. દિન પ્રતિદિન તેમાં ફેરફાર થયા જ કરે છે. માનવપ્રકૃતિમાં જ કંઇક નૂતનતા હોય છે અને તેટલા ખાતર એમાં જ્યાંસુધી પ્રકૃતિ સજીવ છે ત્યાં સુધી તેની માનેલી પ્રગતિ તરફ કુચ કર્યા જ કરે છે અને આ પ્રગતિ અટકે નહિ તેટલા ખાતર સામાજીક બંધનો અસ્તિત્વમાં આવે છે. માનવીઓના વ્યવહારો સમુચિત રીતે ચાલે અને કોઇનેયે અન્યાય ન થાય તેટલા ખાતર કાનુનો ઘડાય છે અને એ સામાજીક બંધારણના રૂપમાં ફેરવાય જાય છે. આવી રૂઢીઓ અને કાનુનો જ્યારે ઘડાય છે ત્યારે સમાજને ખૂબ ઉપયોગી હોય છે. પરંતુ તેમાં માનવીઓની સ્વાર્થી પ્રકૃતિને અંગે ધીમે ધીમે સડો પેસે છે. એજ રૂઢિઓ અને કાનુનોદ્વારા એકના સ્વાર્થના ભોગે બીજા તાગડ ધીન્ના કરે છે. એ જ્યાંસુધી સમાજ ચલાવી લે ત્યાંસુધી તો કંઇ અશાંતિ દેખાતી નથી. પરંતુ જ્યારે તે સામે સમાજની લાલ આંખ થાય ત્યારે જાણે કે અશાંતિનો અગ્નિ ભભુકી ઉઠયો હોય તેમ લાગવા મંડી જાય છે અને એ અગ્નિને સ્થાપિત હિતોવાળા હલાવવાનો ખૂબ પ્રયત્ન કરે છે છતા એ અગ્નિ કદિ હોલવાતો નથી. આજની પરિસ્થિતિ પણ એવીજ છે. વર્ષો સુધી ધર્મના નામે સાધુઓએ સમાજમાં એક છત્ર રાજ્ય કર્યું છે. સમાજના ભોગે આહાર વિહાર માનપાન પ્રતિષ્ઠા માટે અંધશ્રદ્ધાનાં આવરણો ઉભા કર્યાં છે. શ્રીમંતોને હાથમાં લઇ આમ જનતાને લોખંડી એડી તળે દબાવી છે એટલું જ નહિ પણ પોતાના સ્વાર્થની પૂરતી માટે તપશ્ચર્યાઓની વિધિમાં પણ તીર્થોના પંડ્યાઓની માફક લુંટણનીતિ અખત્યાર કરી છે. સ્વર્ગ અને નરકની દીવાલો કાઢી જનતાને છેતરી છે. ઉપધાન જેવી ક્રિયા અને ઉજમણાં જેવાં ઉત્સવોને નામે હજારો રૂપીઆ પોતાના નામ ઉપર જમા કરાવ્યા છે અને તે પૈસાનો પોતાના અંગત સ્વાર્થમાં ઉપયોગ કર્યો છે—કરે છે. જુની રીતિનીતિમાં જ તેમનું જીવન હોઇ તેમના જ તે આશકી બન્યા છે. તે સામે સમાજે હુંકાર કર્યો છે. આજની અશાંતિનું મૂળ ઉપરોક્ત બાબત છે. સમાજ સમજે છે કે જ્યાંસુધી સાધુઓની સત્તા ઉપર કાતર નહિં પડે, તેની પ્રતિષ્ઠા નહિ તૂટે અને જ્યાંસુધી એ સામાજીક બાબતોમાં માથું માર્યાં કરશે ત્યાંસુધી સમાજનો અભ્યુદય નથી. એટલે જ યુવકોએ પ્રથમ લડત સાધુઓ સામે જાહેર કરી છે. તેમની પોલો ખોલી ખોલીને સમાજ સમક્ષ રજુ કરી છે. તેમના કારસ્થાનોને ભેદી જનતા સમક્ષ ઉઘાડા કર્યા છે. પ્રભુ મહાવીરના ભેખના નામે ચાલતી પોપશાહીને દૂર કરવા જહેમત ઉઠાવી છે અને આજે આપણે જોઇ શકીએ છીએ કે દશ વરસ પહેલાં સાધુઓનું જે સ્થાન હતું એ આજે નથી. લોકોમાં અંધશ્રદ્ધા ઝડપભેર અદ્રશ્ય થતી જાય છે અને જુનવાણીના એ અજેય કિલ્લામાં જબરજસ્ત ગાબડું પડયું છે બાકીનું કામ કાળ પુરૂ કરી લેશે.

સમાજ પહેલો સામે પણ એટલો જ ઉકળાટ છે. કારણ કે તેમણે અન્યાયમાં સાથ આપી સમાજનો દ્રોહ કર્યો છે. સમાજના સાધનો દ્વારાજ આમવર્ગને દબાવવામાં મોટો ભાગ ભજવ્યો છે એટલું જ નહિ પણ સમાજોન્નતિના નામે આમવર્ગને ચુસીને તેનો ઉપયોગ પોતાની શ્રીમંતાઈ અને લાગવગ વધારવામાં કર્યો છે. આમ વર્ગે જ્યારે આમાં પોતાનો નાશ જોયો. જહેનામાં વિશ્વાસ મૂકી સમાજની લગામ સુપ્રત કરી છે તે લોકોને જ જ્યારે આમવર્ગના કલેવરને ચુંથતા જોયા ત્યારે તેને કમકમા આવ્યાં અને એ સ્થિતિને મીટાવવા આંદોલનો શરૂ કર્યાં. લોકોની સુષુપ્ત દશાને મટાડી જાગૃતિ આણી. સ્થળે સ્થળે સમાજ પહેલો સ્હામે બંડ જાગ્યું. હિસાબો મંગાયા. અદાલતે ચઢવાની પણ નોબત આવી, આમ પ્રત્યેક બાબતોમાં જ્યારે વિકાર દાખલ થાય છે ત્યારે ત્યારે એ વિકારને દૂર કરનારી શક્તિ પણ જાગૃત બને છે. એ રીતે નવાને સ્થળે જુનું અને જુનાને સ્થળે નવું એમ ચાલ્યા જ કરે છે, કુદરત પણ જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ એમ બનાવી મૂકે છે આપણે કેટલાયે ટાપુઓને દરીયામાં અદ્રશ્ય થતાં સાંભળ્યા છે અને નવા ટાપુઓ નિકળતા જોયા છે, શહેરોને સ્થળે સ્મશાન અને સ્મશાનની જગ્યાએ શહેરો વસતાં નિહાળ્યા છે. એ બધાં પરિવર્તનનાં સ્વરૂપો છે. કોઇપણ માનવીએ મને કે કમને ભાવે કે કભાવે ઇચ્છાએ કે અનિચ્છાએ તેને તાબે થવું જ પડે છે. જગતમાં એવી કોઇ વસ્તુ નથી, કોઈ શક્તિ નથી, કે જે તેનાથી અલિપ્ત રહે. યુવકોએ આ કાળને અપનાવી, શક્તિઓને એકત્ર કરી સામાજીક પ્રગતિને વેગ આપવો જોઇએ.

**અનુકરણીય પ્રથા**:—રાધનપુરમાં શેઠ હીરાલાલ ભીકારદાસના ચી. શ્રી એવંતિલાલ હીરાલાલના લગ્નની ખુશાલીમાં શેઠ શ્રી કાંતિલાલ ભીકારદાસે શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ (શિવપુરી)ને રૂ. ૫૦૧) અને તેવી બીજી કેળવણી સંસ્થાઓને અમુક રકમો અને સ્થા. પાંજરાપોળમાં રૂ. ૨૫૧) આપ્યા હતા. જ્યારે તેમના વેવાઇ સકરચંદ મોતીલાલ મુળજીએ પણ પોતાની પુત્રી શ્રીમતી પુષ્પાના લગ્નની ખુશાલીમાં જુદી જુદી કેળવણી સંસ્થાઓમાં લગભગ હજાર રૂપીઆ આપવાનું જાહેર કર્યું હતું. તદુપરાંત શંખેશ્વરજીની ધર્મશાળામાં રૂ. ૧૦૦૧)નું દાન કર્યું હતું. લગ્ન પ્રસંગે આમ શિક્ષણ સંસ્થાઓ તરફ ધ્યાન અપાય એ બહુ ઉપયોગી છે. આવી અનુકરણીય પ્રથા દાખલ કરવા માટે અભિનંદન.

# ચુંટણી અંગે સરદારનું પ્રવચન.

મુંબઇ, તા. ૨—"જે ધર્મ કજીયા કરાવે ને વિક્ષેપ પાડે, જે ધર્મ મનુષ્યમાં રહેલી હિંસાને જાગૃત કરે તો નક્કી જાણવું કે તેમાં ક્યાંક ખામી છે. જૈન જાગૃત ધર્મ છે, અહિંસા, સંયમ ને અકિંચના પરિગ્રહ પર રચાયેલો જૈન ધર્મ તલવારની ધાર જેવો છે. જીવ દયા પણ કરી જાણો છો પણ દેશમાં કરોડો ભુખે મરે છે તેનું શું થાય ? એવા પુરૂષો આજે ભુખે મરે છે કે જેને બહાર લાવીએ તો બીજા ગૌતમ જેવા બને પણ શું કરીએ ?

**તમારા ધર્મના સિધ્ધાંતો.**

કોંગ્રેસનો પ્રમુખ બોલે છે. એ બળતો બોલે છે. એનાથી નથી રહેવાતું ત્યારે જ એ બોલે છે. ઠાકોરજી જમતા નથી એને થાળ ધરે ને જીવતા જાગતા ભુખે મરે છે એને કાંઇ નહીં ? કોંગ્રેસમાં તમારા ધર્મના સિદ્ધાંતો છે એટલા બીજાના નથી.

કોંગ્રેસની બહુમતી ન થાય તો આપણો ઢંઢેરો પીટાશે. સ્વતંત્રતાની આડે આવે એને બહાર જ કાઢવો જોઇએ. એટલે તમારો ધર્મ તમે વિચારજો. દેવળ ને દહેરામાં જ ધર્મ નથી આવી જતો. ધર્મ સંકુચિત નથી.

પ્રત્યેક પોલીંગ સ્ટેશન આજે દહેરૂં છે, વાહનની અપેક્ષા રાખશો તો પૈસા તમારેજ આપવા પડશે, પેઢીઓમાં મતદારો હોય એને પણ લેતા આવજો. દરેક જૈનનો એ ધર્મ છે કે મહાસભાને જ મત આપે."

જૈન કોમની શહેરની જુદી જુદી દસ સંસ્થાઓના આશ્રયે કાલે રાત્રે સી. પી. ટેંક હીરાબાગમાં મળેલી જૈનોની જાહેર સભાને સરદારે પ્રેરક વાણીમાં જૈન ધર્મનું સાચુ રહસ્ય સમજાવીને મહાસભાને મત આપવાની હાકલ કરી હતી. સભામાં જૈન કાર્યકરો હાજર રહ્યા હતા.

શરૂઆતમાં શ્રીયુત પરમાનંદ કુંવરજી કાપડીઆએ જણાવ્યું કે દશ જુદા જુદા જૈન મંડળોના આશ્રયે આ સભા બોલાવી છે. ચુંટણીમાં મહાસભાના ઉમેદવારોની ફતેહ થાય એ આપણી મહત્વાકાંક્ષા છે. કારણ કે એ એક જ સર્વ પ્રતિનીધી સંસ્થા છે. દરેક જૈનબાઇ કોંગ્રેસને જ મત આપશે એ વિશે મને શંકા નથી.

**સરદારનું પ્રવચન.**

ત્યારબાદ સરદાર વલ્લભભાઇ પટેલે જણાવ્યું કે આજે દેશમાં લગભગ બે ત્રણ માસથી એક જ સવાલ સર્વોપ છે. આખા દેશનું ધ્યાન એક જ પ્રશ્ન તરફ ખેંચાયું છે. એ સવાલ અગત્યનો છે. એને જોઇએ તેટલું મહત્વ ન આપીએ તો હરકત આવે ને પાંચ વર્ષ પસ્તાવાનું થાય એ સહુને સમજાઇ ગયું છે. ચુંટણીમાં મહત્વ કેમ સમાયું તે તમે પુછી શકો. પંદર વર્ષથી બહીષ્કાર પોકાર્યો તે માટે સબળ કારણ હતું. આજે પણ સક્રીય રીતે કહી શકાય તો કારણ તો છેજ. ત્યાંથી રાજ મળી જાય એવું તો કાંઇ નથી. નવું વિધાન તો પહેલાં કરતાં પણ બગાડવામાં આવ્યું છે પણ એક છે કે ત્રણ કરોડને મતાધીકાર છે. પરદેશી રાજ્ય આ દેશમાં આવ્યું હોત તો તો ઠીક પણ એવો દાવો કર્યો કે હિંદમાં કોંગ્રેસ ખલાસ થઇ ગઇ છે. મહાત્મા ગાંધી સાથે કોઇ છે નહીં. ધર્મને રાજકારણ સાથે સબંધ નથી ત્યારે તે વખતે જેઓ જેલની બહાર હતા તેઓ એવા નિર્ણય પર આવ્યા છે કે ધારાસભાઓમાં જે બેઠા છે તેને બહાર કાઢવા, એટલે જ ધારાસભાનો કબજો લેવાનો નિશ્ચય કર્યો.

સરકારે નિશ્ચય કર્યો કે કોંગ્રેસની બહુમતી ન થાય એમ કરવું. કોંગ્રેસને મત મળે તો કહી શકાય કે જે પ્રકારનું રાજ કોંગ્રેસ માગે છે તેજ લોકોને જોઇએ છે. કોંગ્રેસ કંઇ રીતનું રાજ માગે છે તે સહુ જાણે છે. મિત્ર ભાવે રહી શકાશે. શેઠાઇ કરવા આવે એને અહીં સ્થાન નથી. એ પ્રકારના રાજ્યનું સમર્થન કરનારા અને બાકીના અત્યારે ચાલતા રાજનું સમર્થન કરનારા ગણાશે. પડદા પાછળ આ તો કરવાનું છે. ખુલ્લું કહેતા ડર લાગે પણ આ તો તેમ પણ નથી. પડદા પાછળ રહીને પણ સ્વરાજ્ય ચાહનારા છે કે નહીં તેનું માપ નીકળશે નહી તો કોંગ્રેસનો ઢંઢેરો દેશમાં પીટાશે. સગવડતાથી કઇ રીતે રહી શકે એ રચના છે છતાં ધારાસભાનો કબજો લેવાનો નિર્ણય કર્યો તેનું શું કારણ ?

**અહિંસાનો પાયો.**

એનો જવાબ એકજ છે કે લાહોરમાં પ્રતિજ્ઞા કરી કે દરેક દેશો જેવું સ્વતંત્ર રાજ્ય તે હીંદને પણ હોવું જોઇએ એ પ્રતિજ્ઞા પછી સરકાર સાથે દારૂણ યુધ્ધ કર્યું. નખથી શીખ સુધી શસ્ત્રબળથી સજ્જ થએલી સલ્તનત અને બીજી બાજુ દેખીતી નિર્બળ ને નિઃશસ્ત્ર પ્રજા. મહાત્મા ગાંધીએ એ લડતની સરદારી લીધી. એ લડતનો પાયો અહિંસા પર રચાયો. કોઇપણ દેશમાં ન થયો એવો એ એક મહાન સામુદાયિક પ્રયોગ હતો. તેથી જગતનું ધ્યાન હિંદ તરફ ખેંચાયું. જગતને હિંદ પ્રત્યે પ્રેમ ને માન પેદા થયાં ને લાગ્યું કે જગતનો છુટકારો પણ કદાચ આ પ્રયોગથી હોય. એ લડતમાં લાખો કુરબાની કરી રહ્યા હતા. ત્યારે આ કમનસીબ દેશમાં કેટલાક એવા નીકળ્યા કે જગતના બીજા દેશો આપણી તારીફ કરતા ત્યારે આપણા જ ઘરમાં ધુળ નાંખતા હતા ને લડતને તોડી પાડવાને કાયદામાં સાથ આપવાનું કામ કર્યું. આ સાથ તો વ્યક્તિ તરીકે.

દેશમાં આજે બીજો બળવાન પક્ષ બીજો કોઇ નથી. લીબરલ પક્ષનું તો નીકંદન નીકળી ગયું. એના વારસદાર કોઇ નથી. લોકશાહી પક્ષ છે. પુનામાં પણ પુનાની છાયા પડે ત્યાં સુધી જ છે. બીજે એને સ્થાન નથી.

વેપારીઓ સમજી ગયા છે કે વેપાર જો સલામત હોય તો કોંગ્રેસનાં હાથમાં છે. કેમકે આ બંધારણની રચના તો એવી છે કે વાંદરાઓને મુઠી ચણા નાખીને એક બીજા સામે હાંકીપા કરાવ્યા

# જગતના ચોગાનમાં

—અમેરિકામાં મીસીસીપ્પીના જળપ્રલયથી દશ લાખ માણસો ઘરબાર વગરના બન્યા છે અને એ પ્રદેશના પુનરોધ્ધાર પાછળનો દશ કરોડ ડોલરનો અંદાજ છે.

—મીલાનના વિખ્યાત પ્રોફેસર મેન્ગિરાનીએ હમણાં એક અદ્ભુત યંત્રનો આવિષ્કાર કર્યો છે. એમાંથી ઉત્પન્ન થતાં કિરણોના સંસર્ગમાં આવનાર માણસો તરતજ અદ્દશ્ય બની જાય છે.

—એક સાત વરસનો પીટર નામનો છોકરો માનવપંખી બનતો જાય છે, આથી લંડનની મીડલસેક્સ હોસ્પીટલના ડોકટરો ભારે વિમાસણમાં પડી ગયા છે.

—કેંટ પ્રાંતના હર્સ્ટ મોનીંગ્સ સસ સ્ટેશનમાંનું એક પેરનું ઝાડ સુકાવા માંડ્યું હતું એને ઇંજેક્શન આપીને ફરી નવપલ્લવિત કરવામાં આવ્યું છે.

—'હીન્દુસ્તાન સેંજન્દર' નામની રેકર્ડો સંબંધમાં હીઝ માસ્ટર્સ વોઇસની કલકત્તાની હેડ ઓફીસ તરફના એક પત્રમાં જણાવવામાં આવ્યું છે કે "જૈનોનો વિરોધ ધ્યાનમાં લઇ અને મજકુર રેકર્ડો પાછી ખેંચી લેવા અને લીસ્ટમાંથી તે રદ કરવા નિર્ણય કર્યો છે."

—સોવીયેટ રશીયાની શસ્ત્ર સરંજામ લઇને ફેલેન્સીયા જતી એક સ્ટીમર ઉપર ટોરપીડોથી હુમલો કરી હેને સ્પેનના બળવાખોરોના નૌકાસૈન્યે ભૂમધ્ય સમુદ્રમાં ડુબાડી દીધી છે.

—બીહાર લેજીસ્લેટીવ એસેંબ્લીની કુલ એકસો બાવન બેઠકોમાંથી પંચાણું બેઠકો મહાસભાએ કબ્જે કરી છે.

—ઓરીસાની ધારાસભામાં પણ ૬૦ બેઠકોમાંથી લગભગ પોણા ભાગની બેઠકો મહાસભાએ કબ્જે કરી છે.

—માનવી વિનાશક યંત્રોમાં એક નવીન યંત્રનું સંશોધન થયું છે લડાયક બારક્સ સાથે ઇલેકટ્રો મેગ્નેટસ લગાડવામાં આવે છે એ લોહચુંબકને લીધે આજુબાજુના વિસ્તારમાં ફરતું દુશ્મનનું વ્હાણુ ખેંચાઇને આવે છે. જેવું દુશ્મન બારક્સ આવે કે તરતજ ત્હેમાં બેઠેલા માનવીઓને ઇલેકટ્રીક આંચકો લાગે છે.

—સ્ત્રીઓ અને પુરૂષો સાયકલ ચલાવી શકે છે, સરકસોમાં પોપટો પણ સાયકલ ચલાવે છે પણ વેનીસમાં તો કુતરાઓને સાયકલ શીખવી ત્હેની પાસેથી જુદી જુદી રીતે કામ લેવાય છે.

—શહેનશાહ છઠ્ઠા જ્યોર્જની તાજપોષીની ક્રિયામાં ભાગ લેવા શ્રી ભુલાભાઇ દેશાઇ અને શ્રી મહમદઅલી ઝીણાને આમંત્રણો મળ્યા છે. પણ તેમણે એ આમંત્રણનો અસ્વીકાર કરેલ છે, એટલે તેમને સ્થાને સર કાવસજી જહાંગીર અને શ્રી અણેને ચુંટવામાં આવ્યા છે.

—જર્મનીની પાર્લામેંટે બીજા ચાર વરસ સુધી હીટલરને સરમુખત્યાર તરીકે ચુંટી કાઢ્યો છે.

—સ્પેનીશ પાર્લામેંટે જનરલ કેબેલેરોને કુલ સરમુખત્યારી સોંપી છે અને પાર્લામેંટની બેઠક અમુકચોક્કસ મુદત સુધી વિખેરી નાંખી છે.

—જાપાનમાં લશ્કરી સરકારની સ્થાપના થઇ છે.

—મશહુર વીમાની લીન્ડબર્ગ ન્યુયોર્કથી ઇજીપ્ત સુધીની વિમાની મુસાફરી કરતાં રસ્તામાં ક્યાંક ગુમ થયેલ છે.

—રાષ્ટ્રપતિ જવાહરલાલ ન્હેરૂએ મહારાષ્ટ્રનો પ્રવાસ લગભગ ફેબ્રુઆરીની આઠમી તારીખથી જળગામથી શરૂ કર્યો હતો અને લગભગ ત્રીસ ગામોની મુલાકાત લઇ તા. ૧૫મીએ પુના પહોંચશે.

જેવું કર્યું છે. એટલે મહાસભાએ જે કર્યું છે તે સમજીનેજ કર્યું છે.

ઓરિસા પ્રાંત સહુથી ગરીબ છે. ત્યાં પણ કોંગ્રેસની બહુમતી થઇ. ગરીબોના મતો માટે પૈસા આપવામાં આવે છે. ગરીબો પણ જાણે છે કે પૈસા લઇ લેવા પણ મત તો કોંગ્રેસનેજ આપવાના છે. એટલે મુંગા મુંગા પૈસા મુકે છે. ખીસામાં જે કરવાનું છે તે તો પછી પાછળ કરવાનું છે એ ગરીબો પણ સમજી ગયા છે. જો એ મતનો આપણે ઉપયોગ ન કરીએ તો આ ગુલામી કાયમ રહે.

**કોંગ્રેસમાં જૈન ધર્મના સિધ્ધાંતો.**

"અહિંસા પરમો ધર્મ" એ જૈન ધર્મનું મહાન સૂત્ર છે. વ્યક્તિગત ધર્મ પાળનારા જગતમાં અનેક છે. પણ ધર્મ સંકુચીત નથી કે પોતે પાળ્યો એટલે બસ તો એમ જાણવું કે એ ભુલ છે. દેવળ ને દહેરાથી જ ધર્મ પળાતો નથી. જે ધર્મ કજીયા અને વિક્ષેપ કરાવે, જે ધર્મ મનુષ્યમાં રહેલી હિંસા ભાવનાને જાગૃત કરે ત્યારે જાણવું કે એમાં ક્યાંક ખામી છે. નક્કી જાણવું કે ક્યાંક વાદળ ઘેરાયું છે તે પ્રકાશ પડવા દેતું નથી. જૈન એ જાગૃત ધર્મ છે. બાપના કુવામાં બુડી ન મરવું. સાધુની સાધુતા પારખવી, નહીં તો પાખંડનો પાર નથી. હીસાબ વગરના પડયા છે.

વ્યવહારમાં અહિંસાનું પાલન, ઇંદ્રીઓનો પરીગ્રહ, આંખમાં અમી હોય, વાણી એવી હોય કે બીજાની હિંસાને શાંત પાડી દે, મનથી મેલું કામ ન થાય, એવો તલવારની ધાર જેવો તમારો ધર્મ છે. જીવદયા જૈન કરી જાણે છે. પણ હીંદમાં કરોડો ભુખે મરે છે તેનું શું થાય ? એવા એવા ભુખે મરે છે કે જેને બહાર લાવીએ તો બીજા ગૌતમ જેવા નીકળે પણ શું કરીએ ? કોંગ્રેસ કહે છે કે હીંદનો મહાન પ્રશ્ન આર્થીક છે. કોંગ્રેસનો પ્રમુખ બોલે છે એ બળતો બોલે છે. એ જુએ છે કે આ શું ? એક બાજુ મહેલો ને બીજી બાજુ ઝુંપડામાં ભુખમરો.

ઠાકોરજી જમતા નથી તેની પાસે થાળ ધરે છે અને ભુખે મરે છે તેને કાંઇ નહી.

કોંગ્રેસમાં જૈન ધર્મના જેટલા સિદ્ધાંતો છે એટલા બીજા કોઇના નથી. મત આપવો એટલે પોતાના મનનો ભાવ બતાવવો. દરેક જૈનનો ધર્મ છે કે મહાસભાનેજ મત આપે.

દરેક પોલીંગ સ્ટેશન દહેરૂં છે. વાહનની અપેક્ષા રાખશો તો એના પૈસા તમારે જ આપવા પડશે. પેઢીઓમાં હોય તેટલાને લેતા આવજો. આ તમારો આજનો ધર્મ છે. જ્યાં સંયમને મહત્વ આપ્યું છે ત્યાં વળી ઝઘડા, કડવી વાણી કેવી ?

અંતમાં શ્રી મોતીચંદ કાપડીઆએ ટુંક વીવેચન કર્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

# આચાર્યનું માનસ.

## એક ચિત્ર.

રાજકોટનો એક યુવક જાણીતા આચાર્ય પાસે કંઇક જિજ્ઞાસાથી જાય છે. આચાર્યને વંદન કરી બેસે છે. એ યુવકને જોઇને આચાર્ય તેને પોતાના ફાંસલામાં લઇ દીક્ષા આપવાનો મનસુબો ઘડે છે. એ દૃષ્ટિએ જ આચાર્ય ત્હેની જોડે વાત છેડે છે. અને નામ, રહેઠું, ધંધો વગેરે પૂછે છે. ત્યારબાદ જાણે કે તે યુવકને ખૂબ ઓળખતા હોય તેમ કહે છે કે હું રાજકોટ આવ્યો હતો ત્યારે તમારા બાપ મ્હારા ભક્ત હતા. રોજ સાંજે આવે, ધર્મચર્ચા કરે, બહુજ ધર્મિષ્ઠ હતા વગેરે કહી યુવકને વિશ્વાસમાં લ્યે છે અને ધીરે રહીને સંસારની અનિત્યતાનો ઉપદેશ આપે છે.

આચાર્ય—ભાઇ સંસારમાં કાંઇ નથી, બધું અનિત્ય છે, સગાં કોનાં ને વ્હાલાં કોનાં ? બધા સ્વાર્થી છે. સ્વાર્થ સર્યો પછી કોઇ કોઇનું નથી, માટે જ શાસ્ત્રકારો મનુષ્યને સંસારથી વિમુક્ત થવાનો ઉપદેશ આપે છે. યુવક ઉપરોક્ત ઉપદેશથી ચોંકી ઉઠે છે અને પૂછે છે.

યુવક—આપ કહો છો કે સંસારમાં કંઇ નથી તો પછી આપ આપઘાત શા માટે નથી કરતા. બધું જો અનિત્ય છે તો પછી આપે જે વેશ ધારણ કર્યો છે એ પણ અનિત્ય છે. એવી અનિત્ય વસ્તુઓને શા માટે ઉઠાવો છો ? સગાં અને વહાલાં કોઇના નથી તો પછી એક સગા વ્હાલાંનું સર્કલ છોડી શિષ્યો અને ભક્તોનું સરકલ વધારી બીજા સગાવ્હાલાં શા માટે ઉભા કરો છો ? સ્વાર્થ સર્યો પછી કોઇ કોઇનું નથી તો આપ શિષ્યો વધારો છો એ કેવળ આપના સ્વાર્થ માટે તો ખરા ને ?

આચાર્ય—(મનમાં ચોંકીને) ભાઇ, આપઘાત કરવો એ મહા પાપ છે. સાંસારીક જીવન જીવવા કરતાં મહાવીરનું ઉપદેશેલ સાધુજીવન જીવવું એ આત્મોન્નતિ માટે સરસ છે. આ વેશ ધારણ કર્યો છે એ જરૂર અનિત્ય છે પણ તેથી જેમ એક કિલ્લામાં માણસ હોય તે જેમ નિર્ભય બને છે તેમ આ વેશમાં રહીને અમે પણ સંસારથી નિર્ભય બનીએ છીએ. શિષ્યો વધારીએ છીએ એ અમારા સ્વાર્થ માટે નહિ પણ તેના આત્માના કલ્યાણ માટે તેને દીક્ષા આપીએ છીએ અને પ્રભુ મહાવીરના સિદ્ધાંતોનો અભ્યાસ કરાવી પ્રચારક બનાવીએ છીએ. તેમાં અમારી દૃષ્ટિ તો પરોપકારની જ હોય છે.

યુવક—આપ કહો છો કે સાંસારિક જીવન જીવવા કરતાં સાધુ જીવન જીવવું આત્મોન્નતિ માટે સરસ છે એટલે આપ સાધુ જીવન જ જીવતા હશો ?

આચાર્ય—હા.

યુવક—મને તેમાં જરાયે સાધુજીવન લાગતું નથી. એક જંજાળ છોડીને બીજી જંજાળમાં પડો છો. એક સંસારને ત્યાગી બીજો સંસાર ઉભો કરો છો. આપ જે સંસારમાં રહી કરીને કરતા હતા એજ બાબત અહિં કરી રહ્યા છો. હા, એક બાબત જરૂર ઓછી થાય છે અને તે આજીવિકાની ચિંતાની. કારણ કે એ ભાર આપ સંસાર છોડો એટલે સમાજ ઉપર પડે છે. બાકી તો ત્યાંમાં ને અહિંમાં મને ફેર જણાતો નથી.

આચાર્ય—ભાઇ, એ તમારો દૃષ્ટિ વિભ્રમ છે. જો ત્યાં અનેક પ્રકારની હિંસા થવાનો સંભવ હતો. અહિં એ બિલકુલ છે જ નહિ. અસત્ય બોલવાનું નહિ, ચોરી કરવાની નહિ, બ્રહ્મચર્યનું પાલન કરવાનું અને પરિગ્રહ રાખવાનો નહિ. આખો દહાડો જ્ઞાન ધ્યાન, પરમાત્માના સિદ્ધાંતોનો પ્રચાર વગેરે કરીએ છીએ અને આત્મોન્નતિ સાધીએ છીએ.

યુવક—જરૂર, બાહ્ય દૃષ્ટિએ આપ જરૂર એ કોઇ પણ માણસને કહી શકો પણ આંતરિક દૃષ્ટિએ મને એ બધો દંભ જણાય છે. કારણ કે આપ જે જાતે હિંસા કરતા હતા એ બીજા કોઇની પાસે કરાવો છો. આપને શિષ્યની લાલસામાં સ્વાર્થવૃત્તિને પોષવામાં અને એવા બીજા અનેક કારણોસર અસત્ય બોલવું પડે છે. છોકરાંઓને ભગાડી આપ ચોરી પણ કરો છો. આપનો પુંગીત આકાર આપ બ્રહ્મચારી હો એ માનવાની સાફ ના પાડે છે. પરિગ્રહ નહિ રાખવાનું આપ મૌખિક જ કહો છો, કારણ કે આપના નામના અને આપે તાળા કુંચી લગાવેલા અનેક કબાટો ભર્યા પડેલા મેં જોયા છે. એટલે આપના આ વેશ પાછળ દંભ શિવાય મ્હને કશું જ દેખાતું નથી.

યુવકના મોઢેથી ઉપરોક્ત નક્કર હકીકત સાંભળી આચાર્ય ચીઢાય છે અને કહે છે કે તમે બધા નાસ્તિક છો. જડવાદમાં તમને કશી ગતાગમ નથી. અને મુખમાં જેમ આવે તેમ બોલો છો. તમારી સાથે વાત કરવી એમાંય પાપ છે. એમ કહી આચાર્ય ઉઠીને બીજા રૂમમાં ચાલ્યા જાય છે. અને યુવક આચાર્યનું માનસ જોઇ ખિન્ન થાય છે અને ત્યાંથી વિદાય લે છે.

**આપણી શરમ કથા**—અમદાવાદમાં જાપર બેન્ચની ચુંટણી પ્રસંગે મહાસભાની સામે લીંબડીના કુમાર શ્રી ફતેહસિંહજીએ પોતાની ઉમેદવારી જાહેર પાડી હતી. તે વખતે એમ સંભળાય છે કે શ્રી નેમિસૂરિજી અને અમદાવાદના નગરશેઠે પોતાની લાગવગ મહાસભાના હરીફ ઉમેદવાર માટે વાપરી હતી. જો આ બાબત સત્ય હોય તો જૈન સમાજ માટે એ શરમાવનારી છે. મહાસભાની સ્હામે પોતાની લાગવગ વાપરનાર ગમે તેવો માણસ હોય તેને અમારો સાથ નથી, અમે તેને સ્વાર્થ માટે દેશને ગીરો મૂકનારા માનીએ છીએ. એટલે તેવા વ્યક્તિગત પ્રયાસો માટે જૈન સમાજ જવાબદાર નથી. જૈન કોમ પૂરેપૂરી રીતે રાષ્ટ્રભક્ત છે અને રહેશે.

**તિરૂજ્ઞાન સમ્બન્દર** નામનું મદ્રાસના નારાયણ આયરના તામીલ ભાષામાં લખાયેલા પુસ્તકની બધી પ્રતો જે જે જગ્યાએથી મળી આવે તે તે જગ્યાએથી જપ્ત કરવાની મદ્રાસ સરકારે જાહેરાત કરી છે. તેમજ એ પુસ્તકની લેવામાં આવેલી કંપલ બાજુની ગ્રામોફોન રેકર્ડો કે જે હીઝ માસ્ટર્સ વોઇસે લીધી હતી તે પણ જપ્ત કરવાનો મદ્રાસ સરકારે નિર્ણય કર્યો છે. આ પુસ્તકમાં લખેલી બાબત પ્રજાના જુદા જુદા વર્ગમાં તિરસ્કાર અને દુશ્મનાવટની લાગણીને પ્રોત્સાહન આપે છે. એ કારણથી ઉપલો નિર્ણય મદ્રાસ સરકારે કર્યો છે.

# એન્ડ્રુ કાર્નેગીની દ્રવ્ય વ્યવસ્થા.

લેખકઃ– ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.

(ગતાંકથી ચાલુ)

**ધી કાર્નેગી ફાઉન્ડેશન ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ ટીચીંગ.**

કોર્નેલ યુનિવર્સિટીના ટ્રસ્ટી તરીકે જ્યારે કાર્નેગીની નિમણુંક થઇ ત્યારે પ્રોફેસરોને મળતાં હલકા પગારો જોઇ તેને ઘણો ખેદ થયો હતો. કારણ તેના સામાન્ય કારકુનો કરતા પણ તેમના પગારો ઓછા હતા. તે કહેતો કે શિક્ષણના ધંધામાં પડેલા વિદ્વાનોને બીજા લાભકારક ધંધાઓમાં પડેલા માણસો કરતાં ઘણા જ ઓછા પગારો મળે છે. આ સ્થિતિના નિવારણાર્થે એણે "ધી કાર્નેગી ફાઉન્ડેશન ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ ટીચીંગ" નામના ફંડને દોઢ કરોડ ડોલરની બક્ષીસ કરી અને તેમાં વધારો થતાં, ઇ. સ. ૧૯૧૯ માં આ ફંડની રકમ ૨,૯૨,૫૦૦૦૦ ડોલર સુધી પહોંચી. આ ફંડનો હેતુ એ હતો કે, જે યુનિવર્સિટીઓમાં પેન્સન ફંડની વ્યવસ્થા ન હોય તેવા વિદ્વાનોને તથા શિક્ષણના ધંધામાં પડેલા ગૃહસ્થોને વૃદ્ધાવસ્થામાં તથા તેમના મૃત્યુ બાદ, તેમની વિધવાઓને પેન્સનો આપવા. આ પેન્સનો મેળવનારા એવા એવા માણસોના નામો મળી આવ્યા હતા કે માણસ જાતની જ્ઞાન વૃદ્ધિ કરવા માટેની સેવાઓથી તેમનાં નામો આખી દુનિયામાં મશહુર થયા હતા. કાર્નેગી કહે છે કે–એવા ઘણા વિદ્વાનો તથા તેમની વિધવાઓ તરફથી મને હૃદયદ્રાવક પત્રો મળ્યા છે ! કે એ કાગળોનો મારાથી નાશ કરી શકાય તેમ નથી. કારણ જ્યારે હું ગમગીન બન્યો હોઉં છું ત્યારે એ પત્રો વાંચવાથી મારી ગમગીનીનો નાશ થાય છે.

**સ્કોટલેન્ડ યુનિવર્સિટી ફંડ.**

એક વખતે કાર્નેગીના એક મિત્ર મિ૦ થોમ્સન શો એ ઇંગ્લંડના એક માસિકમાં લેખ લખ્યો હતો કે; સ્કોટલેન્ડના ઘણા માબાપોએ પોતાના ઘણા ખર્ચમાં કાપકુપ કરવા છતાં યુનિવર્સિટીની ફી ભરવામાં નિષ્ફળ જવાથી પોતાના બાળકોનો અભ્યાસ અટકાવવો પડયો છે. આ લેખ વાંચી મેં સ્કોટલેન્ડના યુનિવર્સિટી ફંડને એક કરોડ ડોલરના, પાંચ ટકા વાળા બોન્ડ અર્પણ કર્યાં હતા. જેના વ્યાજની અડધી રકમ લાયક વિદ્યાર્થીઓને ફી આપવા પાછળ ખર્ચવા માટે ઠરાવ્યું હતું. દેશકાળ અનુસાર આ ફંડની વ્યવસ્થામાં ફેરફાર કરવાની સત્તા ટ્રસ્ટીઓને આપવામાં આવી હતી. કાર્નેગીએ પોતાના ઘણા ખરા ફંડોના ટ્રસ્ટીઓને આવી સત્તાઓ આપી છે.

**ધી રૂટફન્ડ ઓફ હેમીલ્ટન.**

હેમીલ્ટન કોલેજને કાર્નેગીએ બક્ષીસ કરેલી રકમ સાથે પોતાના મિત્ર મી. ઇલિહુરૂટનું નામ જોડવાનો ઇરાદો રાખેલો પરંતુ તેના એ મિત્રે એ વખતે તેનો એ ઇરાદો બર લાવવા ન દીધો પરંતુ કાર્નેગીએ તે માટે બીજી બક્ષીસ કરી અને તેનું નામ "ધી રૂટફન્ડ ઓફ હેમીલ્ટન" રાખ્યું અને પોતાના મિત્ર ઉપર તેણે વિજય મેળવ્યો અને તે નામ ન બદલી શકાય તેવી વ્યવસ્થા તેણે કરી. આ ફંડ પચીસ લાખ ડોલરનું છે. ઇ.સ. ૧૯૨૦ના એપ્રીલની ૨૫ મી તારીખે એન્ડ્રુકાર્નેગીની યાદગીરી કાયમ રાખવા ન્યુયોર્ક ઇન્જીનીઅરીંગ સોસાયટીના મકાનમાં જ્યારે જાહેર સભા ભરાઇ હતી ત્યારે મી. રૂટે કાર્નેગીના સબંધમાં બોલતાં જણાવ્યું કે જે લોકોએ અમેરિકા દેશને આબાદ અને સમૃધ્ધિવાન બનાવીને તેને દુનિયાની અગ્રગણીના વર્ગમાં મૂક્યો છે, તે બધામાં કાર્નેગીનું સ્થાન ઉંચું છે. કાર્નેગી એ માયાળુ હતો ! સમૃદ્ધિએ એના હૈયાને કઠોર કર્યું નહોતું ! તેમ તેને બાળપણના તરંગોનું વિસ્મરણ પણ બનાવ્યું નહોતું ! બીજાના વિષે અભિપ્રાય બાંધવામાં તે ઘણો ઉદાર રહેતો. એની ભૂતદયા અમર્યાદિત હતી અને તેના ઉદ્દેશો ઉમદા હતા. દુનિયાને ખબર ન પડે એવા ઘણા દયાના અને માયાળુપણાના કામ એણે કર્યાં છે કે જેની તપાસ થવી ઘટે છે.

**ટસ્કેગી ઇન્સ્ટીટયુટ.**

કાર્નેગી કહેતો કેઃ બુકર વોશિંગ્ટનના પરિચયમાં આવવું એ તો ઇશ્વરનો ઉપકાર મનાય. જેણે લાખો માણસોનો ઉધ્ધાર કર્યો અને ગુલામગીરીના બંધનોથી મુક્ત કરી સુધારાના માર્ગે ચઢાવ્યા. તેવા પુરૂષની આગળ આપણે આપણું શીર ઝુકાવવું જોઇએ. હબ્સી લોકોને ગુલામગીરીની બેડીઓમાંથી મુક્ત કરવાના "ટસ્કેગી ઇન્સ્ટીટયુટ"ને કાર્નેગીએ સાઠ લાખ ડોલર બક્ષીસ કર્યા. આ ફંડમાંથી અમુક સારી જેવી રકમ પ્રતિ વર્ષે વોશિંગ્ટન અને તેની પત્નિને હૈયાતી સુધી મળે તેમ જણાવ્યું હતું. આ હકીકતની જ્યારે વોશિંગ્ટનને ખબર પડી ત્યારે તે કાર્નેગી પાસે આવ્યો; અને તે રકમ ટ્રસ્ટડીડમાંથી છેકી નાંખવા એને વિનંતિ કરવા લાગ્યો અને તેને બદલે મને તથા મારી પત્નિને જરૂર પુરતી રકમ, એ શબ્દો લખવા જણાવ્યું. તે દરખાસ્ત તેણે સ્વીકારી અને સુધારેલા કાગળો આપી અસલ કાગળ તેના ટ્રસ્ટી મી. લોડિવ પાસે પાછો માંગ્યો. ત્યારે તેણે જણાવ્યું કેઃ તે કાગળ તો ભવિષ્યની સંતતિને વારસામાં આપવામાં આવશે.

**વાજિંત્રો.**

કાર્નેગીએ દેવળોને વાજિંત્રો પૂરૂં પાડનારૂં એક ખાતું ખોલ્યું હતું જેથી ઘણા વાજિંત્રો ધરાવનારા દેવળના વહીવટદારો પણ વાજિંત્રો માટેના પૈસા મંગાવી ગોલખમાં મૂકતા, આથી તેણે અર્ધા પૈસા વાજિંત્રોના દેવળના ફંડમાંથી જે લઇ કોઇ આવે તેને નવું વાજિંત્ર લઇ આપવાનું નક્કી કર્યું. તેથી તે ખાતું બરાબર વ્યવસ્થિત રીતે ચાલવા લાગ્યું. અને ઇ. સ. ૧૯૧૯ સુધીમાં ૭૬૮૯ દેવળોને વાજિંત્રો પૂરા પાડવામાં આવ્યા હતા. અને તેની પાછળ કાર્નેગીએ આઠ લાખ ડોલર ખર્ચ્યા હતા.

એ માનતો કે પ્રાર્થના દરમ્યાન થોડે થોડે અંતરે પવિત્ર સંગીત સાંભળવાથી ભક્તિભાવમાં વધારો થાય છે.

આની વિરૂધ્ધ કેટલાએક સ્થિતિચુસ્ત લોકો એવા અવાજ ઉઠાવતા કે વાજિંત્રો દેવળોને પૂરા પાડીને કાર્નેગી પ્રાર્થનાને હલકી પાયરીએ લઇ જવાનું પાપ કરે છે. આ સાંભળી કાર્નેગીએ પોતાના પાપના ભાગીદાર બનાવવાને તેણે અર્ધી કિમ્મત દેવળો પાસેથી લેવાનો નિર્ણય કર્યો. છતાં આ સ્થિતિચુસ્ત લોકોની વાતોને નહિ ગણકારતાં દેવળના વહીવટદારોએ તેની અર્ધી કિંમત આપીને પણ કાર્નેગી પાસેથી વાજિંત્રો મેળવવા ચુકયા નહિ. અને એ વાજિંત્રો આપનારૂં ખાતું ધમધોકાર ચાલુ રહ્યું.

—ચાલુ.

# ઐક્યતાના આદર્શ.

હવે સમાજની આધુનિક પરિસ્થિતિ પર વિચાર કરીએ. સૌથી મહત્વનો પ્રશ્ન તે સંગઠ્ઠનનો છે. એ સંગઠ્ઠન એ સમાજોદ્ધારનું મુખ્ય અંગ છે. એ જેટલે અંશે શક્ય થાય તેટલે અંશે આપણે વહેલી સફળતા પ્રાપ્ત કરી શકીશું.

આ દિશામાં યુવક પરિષદે સુંદર યોજના ઘડી છે છતાં જ્યાં સુધી તેનો સક્રિય અમલ ન થાય ત્યાંસુધી એની કાર્યવાહી અધુરી જ ગણાય. "મહાવીર જૈન સમાજ" એ નામની સંસ્થાએ એમાં સુંદર પહેલ કરી છે, છતાં તેને જૈન જનતાનો જોઇએ તેટલો ટેકો હજુ સુધી મળ્યો નથી જણાતો. સમાજ હિતની જાહેર કોઇ પણ પ્રવૃત્તિ મુશ્કેલીઓનો સામનો કર્યા વગર સફળતા પ્રાપ્ત કરી શકતી નથી. ઉપરોક્ત સંસ્થાના ઉચ્ચ આદર્શોથી જૈન સમાજનો મોટો વર્ગ અજ્ઞાત જણાય છે અથવા તો તેના દુશ્મનો જૈન જનતામાં ગેર સમજુતી ફેલાવતા હોય.

હું માનું છું ત્યાંસુધી તેનો સતત પ્રચાર કરવાની જરૂર છે અને તે માટે વિશાળ કાર્યક્રમ યોજાય તે ઇચ્છવા યોગ્ય છે. આ સિવાય જૈનપુરીઓમાં અનેક સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે પણ તે બધી મુખ્યત્વે જ્ઞાતિવાડામાં વહેંચાયેલી હોવાથી અને અન્યોન્ય સંપર્ક સાધવાને બદલે અલગ રહેલી છે. અત્યારના યુવાનોનું મુખ્ય કાર્ય આ સંગઠ્ઠનનું છે. એમણે જ્યાં જ્યાં શક્ય બને ત્યાં ત્યાં અથાગ પરિશ્રમો વેઠીને પણ એ દરેક સંસ્થાઓને યુવક પરિષદ અથવા તો મહાવીર જૈન સમાજની છત્રછાયા નીચે લાવવાની જરૂર છે અને તે પછી જ્યાં સંસ્થાઓ ન હોય ત્યાં નવી સંસ્થાઓ ઉભી કરી ઐક્યબળનો પ્રચાર કરવો ઘટે.

આજ વર્ષો થયા જૈન સમાજ જ્ઞાતિ, ગચ્છ અને વાડામાં વહેંચાઇ ગયેલો છે અને તેને પરિણામે કજીયા-કલેશ અને દુર્દશાના દાવાનળ કેટલાય વખતથી ભભુકી ઉઠયા છે. સમાજની રહી સહી શક્તિનો વિનાશ થવા માંડયો છે. અંધશ્રધ્ધા અને ધર્મઝનૂનને નામે આજે જે ખટપટો ચાલી રહી છે એથી સમાજનું કંઇ હિત થયું જ નથી. આ સ્થિતિ વધુ વખત સહી લેવાય નહિ. જૈન સમાજે પરસ્પરના ઝઘડામાં બહુ ગુમાવ્યું છે. તેના કરોડો રૂપીઆ અદાલતને આંગણે વેર્યા છે, ભાઇ ભાઇના ખુન રેડયા છે એટલું જ નહિ પણ લાખો જૈનોને ધર્મભ્રષ્ટ અને પરધર્મી બનાવી દીધા છે. આ બધું કયા જૈનથી અજાણ્યું છે ? છતાંયે આજે ધર્મી હોવાનો દાવો કરતાં એ સેવાધારીનું તાંડવનૃત્ય શા માટે ? શું એમના હૃદયમાં સંગઠ્ઠનના સાચા કાંટા માફક ખુંચે છે ? આજે જગત પ્રતિષ્ઠાનું ભુખ્યું છે. અને પ્રતિષ્ઠાને સમાજ હિતની પરવા ઓછી રહે છે. જો કે પ્રયત્નો કરે તોપણ સમાજ સંગઠ્ઠનની આડખીલી વ્યક્તિગત પ્રતિષ્ઠા છે. યુવાનો આ જાતની મુશ્કેલીઓથી અજ્ઞાત ન રહી શકે અને ત્યારે જ તે પોતાનું કાર્ય સુંદર રીતે પાર પાડી શકશે. સંગઠ્ઠનની ભાવના ઘણાના હૃદયમાં રમતી હોય છે પણ તે પોતાના હેતુ પાર પાડવા પૂરતી જ. આજે સંગઠ્ઠનની અનેક પ્રવૃત્તિઓ નિષ્ફળ જવાના કારણોમાં વ્યક્તિગતહિત તેમજ કાર્યકર્તાઓમાં યોગ્યતાનો અભાવ ગણી શકાય. સમાજનો સેવક સત્તાધીશ થવાની મહત્વાકાંક્ષા ન રાખે.

—રમણિક ધીઆ.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

## વાર્ષિક સામાન્ય સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભાની એક મીટિંગ તા. ૩૧-૧-૩૭ રવિવારના રોજ બપોરના ૩ વાગે (સ્ટા.ટા) સંઘની ઓફિસમાં શ્રી જમનાદાસ અમરચંદ ગાંધીના પ્રમુખપણા નીચે મળી હતી. જેમાં નીચે મુજબ કામકાજ થયું હતું.

ગઇ મીટિંગની મીનિટ વંચાયા બાદ પ્રમુખશ્રીની સહી થયા પછી નીચે મુજબ ઠરાવો થયા હતા.

૧. મંત્રીએ ગઇ સાલનો રીપોર્ટ અને ઓડીટ થયેલો હીસાબ રજુ કર્યો, બાદ માધવલાલ હીરાલાલ શાહની દરખાસ્ત અને અંબાલાલ એલ. પરીખના ટેકાથી સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો.

૨. ઉમેદવાર પત્ર. ૨૧ આવેલ હોવાથી વોટીંગથી સં. ૧૯૯૩ ની સાલની કાર્યવાહક સમિતિની નીચે મુજબ વરણી કરવામાં આવી.

સભ્યો તરીકે:-

| | |
|---|---|
| તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી. | જમનાદાસ અમરચંદ ગાંધી. |
| માધવલાલ હીરાલાલ શાહ. | રમણલાલ ચંદુલાલ શાહ. |
| મણીલાલ. એમ શાહ. | મનસુખલાલ હીરાલાલ લાલન |
| અમીચંદ ખેમચંદ શાહ. | અંબાલાલ લલ્લુભાઇ પરીખ. |
| ચન્દ્રકાન્ત વી સુતરીયા. | વલ્લભદાસ ફુલચંદ મહેતા. |
| પરમાનંદ કુંવરજી કાપડીયા. | મોહનલાલ પાનાચંદ શાહ. |
| નોનચંદ શામજી શાહ. | રતિલાલ સી. કોઠારી. |
| માણેકલાલ એ. ભટેવરા. | જયુભાઇ પી. શાહ. |

૩. બે મંત્રીઓ રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

૪. તારાચંદ એલ. કોઠારીની દરખાસ્ત, માણેકલાલ એ. ભટેવરાનો ટેકો અને અંબાલાલ પરીખના અનુમોદનથી બંને જુના મંત્રીઓ-મણીલાલ એમ. શાહ અને અમીચંદ ખેમચંદ શાહને કાયમ રાખવાનો વધુ મતે નિર્ણય કરવામાં આવ્યો.

૫. **ખજાનચી તરીકે**-જમનાદાસ અમરચંદ ગાંધીને સર્વાનુમતે નીમવામાં આવ્યા.

૬. **ઓડીટર તરીકે**-ચીમનલાલ પી. શાહ અને રમણલાલ હીરાલાલ શાહને સર્વાનુમતે નીમવામાં આવ્યા.

ઉપર મુજબ કામકાજ થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

આ પત્ર અમીચંદ ખેમચંદ શાહે ઓનેસ્ટી પ્રીન્ટરી. ૧૩૪-૧૪૨ ગુલાલવાડી, શ્રી નાથજી માળો, મુંબઇમાં છાપી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટમાંથી પ્રગટ કર્યું છે.